Rs.5/-

શ્રી સ્વામિનારાયણ

September' 2008



શ્રીકૃષ્ણ જન્માષ્ટમી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ ● Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad.














૧. બોપલ મંદિરમાં ભવ્ય હિંડોળા દર્શન.
૨. કાંકરિયા મંદિરમાં મહારુદ્રયજ્ઞની પૂર્ણાહુતિ કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી.
૩. લેસ્ટર મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન.
૪. ફલોરિડા (અમેરિકા) મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી..
૫. દિલ્હી મંદિરમાં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી દર્શન.
૬. અમદાવાદ મંદિરમાં શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવતા વક્તા શા.સ્વા. ધર્મકિશોરદાસજી .
૭. મહેસાણામાં ભવ્ય દેદિપ્યમાન શિખરબધ્ધ મહામંદિરની તસવીર.



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી
તંત્રી શ્રી
સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૯૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૯૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 અંક : 17 સિતમ્બર -2008

અ નુ ક્ર મ ણિ કા

૧	અસ્મદીયમ્	૨
૨	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩	આનંદની હેલી : ત્રોહ ત્રોહમાં તણાઈ ગયા !	૪
૪	હે યુવાનો !!	૫
૫	જીવન કેવું જીવવું ?	૬
૬	જલઝીલણી	૭
૭	દયાળુ પ્રભુની દયા	૮
૮	કપટી એ કપટ કર્યું - બ્રહ્મભાવની વાણી	૯
૯	શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો દશાબ્દિ પાટોત્સવ મહોત્સવ	૧૦
૧૦	શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો અમદાવાદ મંદિર	૧૧
૧૧	કેનેડામાં આપણું સર્વ પ્રથમ મંદિર	૧૨
૧૨	પાર્ષદ કેસર ભગત	૧૫
૧૩	સત્સંગ સુરભિ	૧૭
૧૪	સત્સંગ બાલવાટિકા	૨૦
૧૫	ભક્તિ સુધા	૨૨
૧૬	પ્રશ્નપેટી	૨૪
૧૭	સત્સંગ સમાચાર	૨૫

: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧
ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

સત્સંગીયમ્



સત્સંગમાં સાધન દશાવાળા સત્સંગી હોય તેને ભગવાનની પ્રત્યક્ષ ચમત્કારિક અનુભૂતિ થાય ત્યારે તેના ઉત્સાહમાં ખૂબજ વધારો થઈ જાય છે. તેથી ભગવાનમાં વધુને વધુ હેત થાય છે. અને ભગવાન પ્રત્યેની તેની નિષ્ઠામાં વધારો થાય છે. ભગવાનની ઈચ્છાથી સત્સંગમાં નાના-મોટા ચમત્કારો થાય છે. તેના પર જો ભક્તનું ધ્યાન હોય તો નિત્ય ચમત્કારો દેખાય. તેમ છતાં શ્રીહરિએ કહ્યું છે કે આ જીવને ભગવાનમાં હેત થાય તેનો જેવો બીજો કોઈ મોટો ચમત્કાર નથી.

૮, ૯, ૧૦ ઓગસ્ટ-૨૦૦૮ દરમ્યાન કેનેડા દેશના ટોરન્ટો શહેરમાં શ્રી નરનારાયણદેવ તાબાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. કેનેડા-અમેરિકાના હરિભક્તો સહભાગી થઈ રહ્યા હતા. કેનેડામાં ઘણા વર્ષની પ્રતિક્ષા પછી મંદિરનું આયોજન થવાથી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં હરિભક્તોનો ખૂબજ ઉત્સાહ હતો. ઉત્સવના આયોજનો-કાર્યક્રમો બહારના વરસાદી વાતાવરણના કારણે હોલ-તંબુમાં સારી રીતે ચાલી રહ્યાં હતા. પણ ૯ મી ઓગસ્ટે ભગવાનની મૂર્તિઓની નગરયાત્રા-શોભાયાત્રામાં સતત વરસાદના કારણે વિઘ્ન જણાતું હતુ. ભગવાનને માટે તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના માટે તો વોટર પ્રૂફ ફલોટ તૈયાર કરવામાં આવ્યો હતો, પણ મેઘરાજા તો જેમ જેમ નગરયાત્રાનો સમય નજીક આવતો ગયો તેમ તેમ વરસાદની ગતી વધુ તીવ્ર બનતી ગઈ. આવા સમયમાં તો હાજર રહેલા હરિભક્તોના જેવા અંતઃકરણો હતાં તે જણાઈ આવતાં હતી. કોઈ છાના છાના રાજી થતા હતા ! કોઈ ખરા હૃદયથી પ્રાર્થના કરતા હતા ! જેવી જેની ભક્તિ તેવા વિચારો જોવા મળતા હતા. "ખરાની ખબર તો ટાણે જ થાય." પણ યુવાનો તો ચાલું વરસાદમાં નગરયાત્રામાં ખુલ્લાં ચાલતા ના મુડમાં હતા. તેથી તૈયારીઓ સાથે સમય પર જ નીકળ્યા. પણ નગરયાત્રાના પ્રસ્થાનની જગ્યાએ જ્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ઉતારેથી પધાર્યાં ત્યાં તો અચાનક મેઘરાજાએ સોર્ટ બ્રેક મારી હોય તેમ તુરત આકાશ ખુલ્લું થઈ ગયું અને હરિભક્તો જય જયકારના નાદ સાથે નાચવા લાગ્યા. હવામાનની આગાહી કરનાર વિચારતા રહી ગયા. દોઢ કલાકની નગરયાત્રા પૂર્ણ કરી. ભક્તોએ તો મન મુકીને દિવ્ય આનંદ માણ્યો. પણ ચમત્કાર તો વળી ત્યારેજ થયો કે મૂર્તિયો - મહારાજશ્રી મંદિરમાં પધારતાં પાંચ મિનિટમાં મેઘરાજાએ વરસાદનું કાર્ય પુનઃ ચાલુ કર્યું. આટલું આવા ટૂંક સમયમાં પરિવર્તન તો શ્રીહરિની ઈચ્છાથી જ થઈ શકે. સત્સંગમાં પ્રત્યક્ષ છીએ તેનો પુરાવો પ્રભુ એ બતાવ્યો. ટોરન્ટો શહેરમાં ચમત્કારિક ઘટના - પ્રસંગ બન્યો તે સર્વોપરિ શ્રીજીમહારાજની કૃપાથી અને ધર્મવંશીના સંકલ્પ થકી બન્યો છે. જ્યારે અન્ય ને તે બનાવવા પડે અને બતાવવા પડે પણ આપણા સત્સંગમાં નિત્ય મળે. તેથી શ્રીહરિએ કહ્યું કે આ સત્સંગમાં જેને પ્રતીતિ થાય તેના મોક્ષમાં કાંઈ બાકી રહે નહિ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ઓગસ્ટ - ૨૦૦૮)

૧૩. સુરોહી બંગ્લોઝમાં પધરામણી નવા નરોડા.

૧૫. પ.ભ. સુરેશકુમાર રમણીકલાલ સોનીને ત્યાં પધરામણી, નારણપુરા.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા અને પ.ભ. જીગર દિપકભાઈ પટેલને ત્યાં પધરામણી કાંકરિયા.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૦ થી ૨૧ જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪. દર્શન ફોરેક્ષ પ્રા.લી.માં પધરામણી, સી.જી. રોડ.
શ્રી જસુભાઈ જ્વેલર્સમાં પધરામણી, સી.જી. રોડ.
સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી જન્માષ્ટમીના સમૈયા પ્રસંગે પધરામણી.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૭. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૮ થી ૧૧ સપ્ટેમ્બર વિદેશ ધર્મયાત્રા : અમેરિકાના ચેરિહીલ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ અને કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ

આસો સુદ-૧૦ વિજયા દશમી તા. ૯-૧૦-૦૮ ગુરુવાર ના શુભ દિને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અમદાવાદ મંદિર ખાતે સંત-હરિભક્તો ધામધૂમથી ઉજવશે. આ પ્રસંગે અમદાવાદ, મૂળી અને કચ્છ ભુજ દેશના સર્વે સંત-હરિભક્તોને પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

-મહંત સ્વામી

આનંદની હેલી

ત્રોહ ત્રોહમાં તણાઈ ગયા !

- શાસ્ત્રી હરિજીવનદાસ (હિંમતનગર મહંત)

શ્રીહરિ સુરત શહેરમાં બિરાજતા હતા. જરા હળવી પળોમાં પ્રભુએ સુરા ખાચરને કહ્યું કે, સુરા ખાચર કાંઈક વાર્તા સંભળાવોને.

સુરા ખાચરે વાર્તા માંડી : મહારાજ ! અમારા બાપદાદાની વાર્તા સંભળાવું. મહારાજ કહે સંભળાવો. સુરા ખાચર જાણે વક્તા અને મહાપ્રભુ શ્રોતા બની ગયા.

અમારા બાપદાદા મેલિકારે (ધાડ પાડવા) ગયા હતા. મોટી ધાડ પાડી. ઘણો માલ હાથમાં આવ્યો. મોટી લૂંટ ચલાવીને ઘોડા દોડાવી મૂક્યા. પાછળથી પકડવા માટે મોટી ફોજ આવી ચડી.

દોડી દોડીને ઘોડા હાંફી ગયા. સૂર્યાસ્ત થવાના સમયે સાબરમતી જેવી મોટી નદી આવી. બંને નદી ભરચક વહેતી હતી. હવે આમાં પહેલું ઘોડું કોણ નાંખે ! શું કરવું ? જો વિચાર કરવા રહે તો ફોજ પકડવા માટે આવી પહોંચે. બધાએ ભેળા થઈને આડા કાઠીને નદીમાં નાંખ્યો. કોઈપણ અખતરો કરવા આડા કાઠીનો પહેલો ભોગ લેવાતો આડા કાઠીને અંદર નાંખીને બધાએ પૂછ્યું, અલ્યા પાણી કેવુંક છે ? અંદર ઉતરાશે કે ? પણ પેલો કાઠી તો ઊંડા ધસમસતા નદીના પ્રવાહમાં તણાવા માંડ્યો અને માંડ્યો ત્રોહ ત્રોહ કરવા. ત્રોહ ત્રોહ શબ્દ સાંભળીને બીજા કાઠીઓએ એવું અનુમાન કર્યું કે ઘોડીએ પાણી થાય છે.

એટલે બીજા કાઠીએ પણ ઘોડી પાણીમાં નાંખી. એ પણ ત્રોહ ત્રોહ કરવા માંડ્યો. એટલે બીજા બધાએ લાંબો વિચાર ન કરતાં, એમ સમજ્યા કે પાણી ઉતરવા જેવું ખરું. પછી તો બધાય કાઠીઓ ધબોધબ કરતા પાણીમાં પડ્યા. માંડ્યા ત્રોહ ત્રોહ કરવા. ત્રોહ ત્રોહ કરતા બધાય મારા દીકરા તણાઈ ગયા !

મહારાજ કહે જુઓને ! પોતાના બાપદાદાની વાત સંભળાવે છે અને દીકરા કહીને ગાળ દે છે. તેનીય ખબર નથી. કહીને પ્રભુ હસ્યા.

સુરાખાચરે હસાવ્યા.

શ્રીહરિનું રીસાવું એટલે રમુજી વાત સાંભળવાનું મસ્ત બહાનું. એકવાર મહારાજ રીસાઈને બેઠેલા. કોઈની સાથે વાત નહિ. જમવા પણ ઉભા થાય નહિ. બસ સ્થિર થઈને બેસી રહ્યા.

વારાફરતી કેટલાય હરિભક્તો આવે, પગે લાગે, સભામાં બેસે પણ કોઈ મહારાજને બોલાવી શકે નહિ, બધાય સભામાં મૂંગા મૂંગા બેસી રહેલા. જાણે શોક સભા ન હોય! શું કરવું એ કોઈનેય સુઝતું નહોતું. એ દરમ્યાન સુરા ખાચર આવ્યા. મહારાજને પગે લાગીને સભામાં બેઠા. મહારાજને જોઈને આખીય વાત સમજી ગયા. અને બાપુએ એક વાર્તા કહેવી શરૂ કરી.

એક હતો ચારણનો નેસડો. તેમાં એક નાગો બાવો રહેતો હતો. ચારણ અને ચારણીયાણી હંમેશા ભેટ લઈને તેમના દર્શન કરવા આવતા. એકવાર એવું બન્યું કે ચારણની સ્ત્રી ખાલી હાથે દર્શન કરવા આવતી હતી. બાવાએ દૂરથી જોયું. હા, આજ ખાલી હાથ આ રહી હૈ અને બાવો અવળો ફરી ગયો. ચારણ સ્ત્રી સન્મુખ આવી અને બોલી, બાવાજી નમો નારાયણ. એટલે બાવો ફરીથી અવળો ફરી ગયો. ચારણ સ્ત્રી બોલી કેમ બાવલિયા ! આવું શા માટે કરે છે? સન્મુખનું દર્શન કરવા દે. બાવો કટાક્ષમાં બોલ્યો ઘેલી ! કુછ ભેટ બેટ તો લાઈ નહિ હૈ ઔર સન્મુખકા દર્શન માંગતી હૈ, સન્મુખકા દર્શન તો નહીં હોગા. એમ કહીને બાવો વાંકો થયો. વાર્તા સાંભળીને સુરા ખાચરે મહારાજને ખૂબ હસાવ્યા.

હે યુવાનો !! (ગતાંકથી ચાલું)

- કોઠારી સ્વામી રામાનુજદાસજી

તો હે યુવાનો.....

એજ રીતે સત્સંગમાં ઝળહળતો તેજસ્વી એક સક્રિય સત્સંગી ધારે તો બીજા અસંખ્ય લોકો સુધી અધ્યાત્મની જ્યોતને ફેલાવી શકે છે. કારણ કે અત્યારે વિશ્વમાં દરેકને પ્રકાશિત થઈને જીવતા માણસની જરૂર છે. તો અજ્ઞાનરૂપી અંધકારમાંથી જાગી સત્સંગના કાર્યમાં જોડાવા માટે એક કવિએ લખ્યું છે કે,

ઉઠ જાગ મુસાફીર ભોર ભઈ,
અબ રૈન કહાં જો સોવત હૈ.

ઉપરોક્ત પંકિત જીવાત્માને જાગવા કહે છે અને રાત્રી પુરી થયા પછી સૂઈ રહે છે તેઓ કાંઈક ગુમાવે છે અને જાગે છે તે કાંઈક મેળવે છે. આ સામાન્ય અર્થને શ્રીજી મહારાજે ગ.પ્ર.ના ૫૦ માં વચનામૃતમાં સમજાવ્યું છે કે ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રીની પેઠે અંધકારે યુક્ત વર્તે છે કહેતા તે ભગવાનનું ભજન નથી કરતા. અને જે ભક્ત છે તે ભજનને વિષે જાગેલા છે કહેતા ભજન કરે છે. જગતના વિષયો પાછળ મોહાન્ધ બનીને જીવતા વિષયી જીવોને પરમાત્મા સાવધાન કરતા ભગવાનની મૂર્તિ અને નામરૂપી જે લક્ષ્ય મેળવી લેવાની ભલામણ કરે છે. શ્રીજી મહારાજે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીમાં આપેલા નિયમો અને આજ્ઞાઓનું પાલન કરીને જીવાત્મા પરમાત્માના ધામરૂપી લક્ષ્ય સરળતાથી પ્રાપ્ત કરી શકે છે.

યુવાનો આપણા જીવનનું મુખ્ય લક્ષ્ય છે ધામની પ્રાપ્તિ અને એના માટે આજથી જ આપણા જીવનમાં અસર આવવી જોઈએ. શ્રીજી મહારાજના શબ્દોમાં કહીએ તો "શૂરા સાવધાન રહેજો" ધ્યેય પ્રાપ્તિની અડગ નિષ્ઠા પાકી કરશો તો આપણને આગળ વધવાની દિશા, પ્રેરણા અને શક્તિ મળી રહે છે. આપણા જીવનનું લક્ષ્ય પરમાત્માના પ્રત્યક્ષ દર્શન અને ધામની પ્રાપ્તિ માટેનું છે. જીવનપથ પર ચાલતા ચાલતા આપણને એક સાથે ઘણી વખત જુદી જુદી દિશાઓમાં જવાનું મન થાય છે. જેનું કારણ આપણી ઈષ્ટદેવ પ્રત્યેની નિષ્ઠા પાકી નથી. અજ્ઞાન અને આળસને કારણે જીવાત્મા પોતાનું લક્ષ્ય ભૂલી ગયો છે. આપણે એ યાદ રાખવું જોઈએ કે જીવનયાત્રાના અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાનું છે તેના માટે સંત સમાગમ, સત્શાસ્ત્રોનું વાંચન, સત્સંગ અને નિયમો સાથેનું માહાત્મ્ય જ્ઞાનેય યુક્ત એવી એકાંતિકી ભક્તિ જરૂરી છે. સંત સમાગમ વિના જીવને દોષ ઓળખાતા નથી. કારણ સંતો વૈદ્ય સમાન છે. જેના સમાગમ વડે આત્મા અને પરમાત્માનું સાચું એટલે કે યથાર્થ જ્ઞાન થાય છે. લક્ષ્ય ભૂલાય ન જાય એટલા માટે શાસ્ત્રકારોએ આપણને નિશદિન સત્સંગ કરવાનું કહ્યું છે. તો યુવાનો આપણને આવો મહા મોંઘો હરિ ભજવાનો સમય મળ્યો છે તો મળેલ યોગને વિચારી અમલમાં મુકી જીવનમાં પડેલા સદ્‌ભાગ્યને જગાડવાનું છે. યોગ્ય માર્ગે લાવી સત્સંગ કરીને પરમાત્માને પામવાના છે તે વાત ભૂલી જઈને આજે યુવાનોએ પશ્ચિમની સંસ્કૃતિનું આંધળુ અનુકરણ કરીને ભૌતિકતાની પાછળ દોડ મૂકી છે પરંતુ જેટલો ભૌતિકતાની પ્રાપ્તિ માટેનો ઉત્સાહ અને શ્રધ્ધા છે તેટલો જ ઉત્સાહ અને શ્રધ્ધા જો આધ્યાત્મિક લક્ષ્ય ને જીવનમાં રાખી ધ્યાન ભજન કરે તો જીવાત્મામાં રહેલી તીવ્ર વાસના પણ નાશ પામી જાય છે અને ભગવાન જરૂરથી પ્રત્યક્ષ દર્શન દેવા પધારે છે. સત્સંગમાં અને સમાજમાં જો સફળતાના ઉંચ્ચ શિખરો સર કરવા હોય તો જીવનમાં આવતા અનેક સંકટોનો સામનો કરવો પડશે.

ભગવાનના ભક્તોનું લક્ષ્ય પરમાત્માનું મિલન અને તે માટે હૃદય શુધ્ધિ અને સંકલ્પ શુધ્ધિ જરૂરી છે. તેના માટે પ્રભુને ચરણે જીવન સમર્પિત કરીને દ્રઢ આશરો કરવો જોઈએ તે માટે હૃદય પરિવર્તન જરૂરી છે. યુવાનો જેમ પોતાની શક્તિને જુદી જુદી દિશામાં વેડફી નાખે છે તે પ્રગતિ ન કરી શકે તે માટે ધ્યેય નક્કી

અનુસંધાન પેજ - ૧૬ પર



જીવન કેવું જીવવું ?

- સાધુ ધર્મકિશોરદાસ ગુરુ સ્વામી નારાયણસ્વરૂપદાસજી

જન્મ અને મરણ એ બે બિંદુની વચ્ચેનાં અસ્તિત્વને શણગારવું તેનું નામ જીવન કહેવાય. આ જગતમાં બે પ્રકારનાં માણસો જોવા મળે છે.

એક જ્યાં જ્યાં જાય ત્યાં શાંતિ પ્રસરી જાય છે. અને એક જ્યાં જાય ત્યાં અશાંતિ પથરાઈ જાય છે. કેવા થવું એ આપણે વિચારવાનું છે.

માનવનું જીવન અરીસા જેવું હોવું જોઈએ. અરીસો સામે આવનાર સૌનું સ્વાગત કરે છે. પણ અંદર સંગ્રહ તો કોઈનો ન કરે. ટૂંકમાં માનવીએ જરૂરી સંપર્ક સૌનો રાખવો પણ બંધન રૂપ સંસર્ગ કોઈનો કરવો નહિ. જીવનની અંતિમ સફળ સાધનાનું રહસ્ય આ છે. મેળવવું આપવું ને અંતરથી છોડી દેવું.

ભગવાને આપણને માનવ દેહ આપતાં પહેલાં આ દેહનો કેમ ઉપયોગ કરવો તેની ગાઈડ લાઈન માટે ગીતા, ભાગવત, રામાયણ, શિક્ષાપત્રી, ઉપનિષદ જેવાં શાસ્ત્રો આપ્યા છે. તેને અનુસંધાને જીવન જીવાય તો સહેલાઈથી દેહને અંતે ભગવાન પાસે પહોંચી જવાય. પણ જીવનને મન ફાવે તેમ વ્યસન ને ફેશનમાં ફસાવી દઈએ તો જીવન ગંધાતી ગટર કે ઉકરડા જેવું થઈ જાય.

ભગવાન સ્વામિનારાયણે ગ.પ્ર.ના ૧૮ માં વચનામૃતમાં કહ્યું છે જે પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે, સાર અસારનો વિભાગ નહિ કરે તે નારદ સનકાદિક જેવો હશે તો પણ તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે અને ભગવાનની વિસ્મૃતિ થઈ જશે.

આજે માનવી જન્મે છે, રડતો-રડતો, જીવે છે ફરિયાદ કરતો કરતો અને મરે છે, નિસાસા નાખતો નાખતો. તેનું એક કારણ છે અકારણ ક્રોધ. આ ક્રોધ જ દુશ્મનો ઉભા કરે છે ને શાંતિ છીનવી લે છે.

આજે માણસ ઉંચા ઉંચા મકાન બાંધે છે. પણ તેમાં જીવન તો ક્યાંય નીચા જીવાતાં હોય છે. તેનું ફ્રીઝ ખોલો ત્યારે દારૂની બોટલ ને ધોળા બટાકા નીકળે.

એક દુકાનદારને એક વ્યક્તિ પાસેથી હજારો રૂપિયા લેવાનાં બાકી હતા. આથી દુકાનદારે કાયદાની ચેતવણી આપતો પત્ર લખી મોકલ્યો. પેલી વ્યક્તિએ પત્રનાં જવાબમાં પોતાની ફેશનેબલ પત્નીનો ફોટો મોકલ્યો અને લખ્યું "આને કારણે હું તારું ઉધાર બીલ ચૂકવવા અસમર્થ છું. ખાવા માટે ઘરમાં અનાજ ન હોય, બાળકોને ભણાવવા ફી નથી, લોકો બાહ્ય આડંબરમાં મશગૂલ રહે છે. એનાથી ઘરમાં અશાંતિનાં વાદળો છવાય છે. ડગલે અને પગલે વારંવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. માટે સાદગીને જીવનનો સાચો શૃંગાર ગણી ફેશનબાજીને રજોગુણથી બચવું જોઈએ. આજનો માનવી ઘર પણ છોડી શકતો નથી. અને ઘરમાં શાંતિથી રહી શકતો પણ નથી.

જીવનની બધી તકલીફો જીભની કટૂતાથી થાય છે. માટે બાળકોને બોલતાં શીખવવું જોઈએ ને મોટાએ મૂંગા રહેતા શીખવું જોઈએ. માણસનો પગ લપસે ત્યારે ફક્ત પોતાનો જ પગ ભાંગે છે પણ જીભ લપસે ત્યારે તો કંઈકના ઘર ભાંગે છે. માટે વાણી મધુર પ્રિય ને સત્ય બોલવી.

એક ભાઈએ એક બાપાને પૂછયું તમારા છોકરા તમારા પગ દાબે છે ? ના રે ના એ તો ગળુ દાબવા તૈયાર છે. આ કુસંસ્કારોનું પરિણામ છે. તેથી જ કહ્યું છે કે યૌવન શું છે ? વીજળીનો તણખો, ઝળકે તો અજવાળું નહિ તો ભડકો.

મનુષ્યે સારું કે નરસું જીવન કરવું તે સારા નરસા સંગને આધારે અવલંબે છે - પથ્થરને ભવ્યતા અર્પવી હોય તો એ શિલ્પીને સોંપાય ગુંડાને નહીં.

જીવનને ભવ્યતા સોંપવી હોય તો તે સજ્જન કે સંતને સોંપાય દુર્જનોને નહિ. માણસનું જીવન ધર્મમય હોવું જોઈએ. ખાવાનો, જોવાનો ઉંઘવાનો, સાંભળવાનો ચોક્કસ સમય હોય છે. પણ શ્વાસ તો સતત લેવાનો હોય છે. ધર્મ એ ભોજન, શ્રવણ, દર્શન જેવો નથી માત્ર શ્વાસ જેવો છે તે સતત ચાલુ રહે તો જ જીવન સલામત રહે.

શૈશવની સહજતા, યૌવનનું સાહસ અને વૃદ્ધાવસ્થાની સમજદારીથી મનુષ્યે પોતાના જીવનને શણગારવું જોઈએ. એવું જીવન જીવીએ કે મર્યા પછી આપણને અગ્નિસંસ્કાર કરનારાની આંખમાંથી આંસુનાં બે ટીપાં પડે. ચિંતાથી લોહીનું, વ્યસનથી ધનનું, ઈશ્વર પ્રત્યેની વિમુખતાથી જીવનનું પાણી થાય છે.

જીવનને ડુંગળી પણ બનાવી શકાય અને ગુલાબ પણ બનાવી શકાય. ગુલાબની પાંખડી પ્રત્યેક પડ આપણે ખોલતાં રહીએ તો તેની મહેક આપણને આનંદ આપી જાય. જ્યારે ડુંગળીનાં પડ ખોલીએ તો આંખમાં પાણી લાવી દે. મળનારાને ફરી ફરીને મળવાનું મન ન થાય તેવું જીવન શા કામનું ?

જીવનમાં વરસો ભરવા કરતાં વરસોમાં જીવન ભરવું એ વધારે મહત્વનું છે. ખાઈપીને ચાલ્યા જનારનું મરણ થાય છે. જ્યારે સારાં કામ કરી જનારનું સ્મરણ થાય છે. સંઘર્ષ વિનાનું જીવન મીઠા વગરની રસોઈ જેવું ફીક્કું બની જાય છે. પ્રમાદ એ મૃત્યુ છે ને જાગૃતિ એ જીવન છે.

પોથી પઢે તે પંડિત, પોથી બોલે તે વક્તા, પોથી જીવે તે સંત, કેવળ ઉંમર વધે તે અસ્તિત્વ ગણાય પણ ઉંમરની સાથે વિકાસ પણ સધાય તો તે જીવન કહેવાય.

પ્રભુ ભક્તિથી જીવનમાં શાંતિ અને શક્તિ સંપન્નતા પ્રાપ્ત થાય છે અને કેવળ વિષય ભોગથી જીવનમાં કંટાળો અને કમજોરીનું નિર્માણ થાય છે.

માટે જીવન એવું એક ધર્મ ભક્તિમય જીવી લેવું જેથી અંતે પ્રભુ રાજી થઈ જાય. બસ આજ જીવન જીવવાનો સુંદર સાર

.....



જલઝીલણી

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

ઉત્સવ પ્રિયા માનવા : લોકના વ્યવહારનું ઘોસરૂ વેઠીને જીવન નિર્વાહ કરતા કરતા દાણ-વૃદ્ધિ, જશ, અપયશ તથા લોકેષણા પુત્રેષણા અને વિત્તેષણાના ચકરાવામાં પીસાતો પીસાતો માનવ થાકીને લોથપોથ થઈ જાય ત્યારે તે થાક ઉતારવા સમાજમાં મેળાઓ રૂપે મનોરંજનનું ઉદ્‌ભવન થયુ. પરંતુ તેમા બહુ પ્રકારના દૂષણો ભળવા લાગ્યા. તેના નિવારને અર્થે ધાર્મિક ઉત્સવોના આયોજનો થયા. ભિન્ન-ભિન્ન અવસરે ભિન્ન-ભિન્ન દેવોની ભક્તિ દ્વારા ભક્તોના ચોક્કસ સમુદાય એકઠા થવા લાગ્યા અને પોતપોતાના અંગત સુખ દુઃખ સમૂહમાં સહિયારા વહેંચી હળવાશ અનુભવતા થયા. એવાજ એક અનેરા ઉત્સવની આવો આજે વાત માણીએ.

ભાદરવા સુદી ચતુર્દશીથી ગણેશોત્સવનો પ્રારંભ થાય છે. લોકો પોતપોતાના ઘેર કે શેરી, મહોલ્લા કે વિસ્તારમાં નાની મોટી કે વિશાળકાય ગણપતિજીની મૂર્તિનું ગાજતે વાજતે સ્વાગત કરી સ્થાપન કરે છે. ભભકાદાર સુશોભન કરી આરતી, અષ્ટકોને સ્તપનો દ્વારા નિત્ય પ્રત્યે આરાધના કરે છે. ઘણા શ્રધ્ધાળુ તો ઉપવાસો કરી મંત્રજાપ તથા સ્તુતિ કરે છે. અને અંતે ભાદરવા સુદી એકાદશીને દિવસે ભવ્ય નગરયાત્રાઓ કરાવી દેવાધિદેવનું જળનિધિમાં વિસર્જન કરે છે.

વળી વર્ષો પહેલા ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ આ એકાદશીના શુભ દિને પોતાની અત્યંત પ્રિય ગોપીકાઓ સાથે યમુના નદીમાં જળવિહાર કર્યો હતો. ત્યારે પ્રેમવશ ગોપીકાઓએ પ્રભુને દહીં-દૂધના અભિષેક વડે પ્રેમ તરબોળ કરી દીધા હતા. ત્યારથી આ એકાદશીને જલઝીલણી જેવું બહુનામ ઉપલબ્ધ થયું. દેવપોઢી અને દેવઉઠીની મધ્યે આવતી આ જલઝીલણી વિશેષને વિશેષ મહિમાવંતી તો ત્યારે બની કે જ્યારે ભગવાન સ્વામિનારાયણે તેનું બહુમાન કર્યું.

ખાંડાધારે અષાઢી મેઘ અનરાધાર વરસીને વિરમ્યો હોય ને નદી, તળાવ છલોછલ છલકાઈને ઉભરાઈ ઉભરાઈને ભગવાન મોજે ચડતા રંગભીનો રસીયો વાલમઘોડે ચડી ક્યારેક ઘેલાના નીરના વધામણા માણવા અસંખ્ય સંતો-હરિભક્તો સાથે ખૂબ જળક્રિડા કરતા તો ક્યારેક તીર્થધામ જેતલપુરના દેવ સરોવરમાં જળ વિહાર કરી આશજીભાઈ ગંગામાં આદિને સુખ આપતા. સાબરમતીના જળમાં નારાયણઘાટના આરે સંતો-ભક્તો સાથે સ્નાન ક્રિડા કરતા ત્યારે તો હરિભક્તોના ચાંદલાનો કલર અને સંતોના વસ્ત્રોનો કલરના સમન્વયથી પાણી લાલ રંગમાં વહેવા લાગતું.

"રંગે ભરેલા લાલજી જળમાં ઝીલે બળવીર,
રાતા થઈને વહેવા લાગ્યા સાબરમતીના નીર."

જ્યારે મહારાજ વડતાલ બિરાજતા હતા ત્યારે ગોમતી તળાવમાં આ ઉત્સવ રેલાવતા. ઉત્તર ગુજરાત તરફ જતા અડાલજની વાવ હોય કે જમીયતપુરાની પ્રભા તલાવડી હોય સંતો-ભક્તો સાથે સ્નાન (જળવિહાર) કરી પ્રભુ પોતાના રંગે રંગી દેતા. એક પ્રસંગે ભાદરા ગામની ઊંડ નદીમાં ભક્તરાજ મુળજી શર્મા તથા લાલજી સુથારના હેયાના હેતનો ચલાખો તરતો મેલી સખા સંગે સ્વામિનારાયણ ભગવાને સહજ આનંદની ખૂબ લહાણી કરી હતી. આ એકાદશીને મોક્ષદાયીની ગણાવી. તેને ફરાળ વર્જીત નિર્જળા ઉપવાસોમાં સામેલ કરીને ગૌરવવંતી કરી છે.

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ વર્ષો વર્ષ ઠાકોરજી તથા ગણપતિજીની હાથીની અંબાડીએ પધરાવી અમદાવાદ શહેર આખાની સવારીએ નગરયાત્રા રૂપે ફેરવી કાંકરિયાના નિર્મળ નીરમાં જલ ઝીલાવી સાબરમતી કિનારે નારાયણઘાટને આરે સંતો-ભક્તો સાથે પધારી ઠાકોરજીનું પૂજન કરી જળ ઝીલાવતા અને આરતી કરતાની સાથે જ બધા સંતો-ભક્તો તૈયાર હોય. પૂ. આચાર્ય મહારાજશ્રી જ્યાં જળમાં પધારે ને સંતો ભક્તો ઉપર પ્રાસાદીક જળ ઉછાળતા.

આ પ્રસંગે સ્વંય વરૂણદેવ પણ ધન્યતા અનુભવી સમગ્ર જીવનસૃષ્ટિના જીવનરૂપ જળની ભેટ ધરીને કૃતકૃત્યતા અનુભવતા હશે. વર્ષોથી ભક્તો આ મંગળકારી પ્રસંગે હરિવરને જળઝીલાવી પવિત્ર જળે પ્રભુનું પંડ પખાળવામાં અન્ન જળની ભૂખ-પ્યાસનું ભાન ભૂલી જતા.

આવી સુખદાયક અને પાપ વિમોચની જળઝીલણીએ આવો આપણે સૌ પણ ભક્તિ રસમાં ડુબકી મારી કૃતાર્થ થઈએ.



દયાળુ પ્રભુની દયા

- શાસ્ત્રી અભયપ્રકાશદાસ ગુરુ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારણઘાટ)

આ વિશ્વમાં સૌથી દયાળુ એક પરમાત્મા છે. પરમાત્માની અનેક વિધ કૃપા હોવા છતા મનુષ્યને તે પરમાત્માની દયા દેખાતી નથી. જગતમાં કોઈએ આપણી સામાન્ય મદદ કરી હોય તો તેની દયા આપણને દેખાય છે. પરંતુ પરમાત્માની વિશાળ દયાને આપણે જાણતા નથી. ન કરે નારાયણ ને કદાચ કોઈકનો ક્યારેક ઉતાવળમાં પગ લપસી જાય. તે નીચે પડી જાય. ઉભુ ન થવાય. પછી કોઈ એક બે જણા દવાખાને લઈ જાય, ત્યાં દવાખાનામાં ડોકટર બધી તપાસ કરી કહે ભાઈ પગમાં ફેકચર થયું છે. પ્લાસ્ટર કરવું પડશે અને પચીસો રૂપિયા જેવો ખર્ચ થશે. ત્યારે પેલો કહે સાહેબ મારો મહિનાનો પગાર માત્ર બે હજાર છે. તો હું પચીસો રૂપિયા ક્યાંથી લાવું ? થોડા ઓછા કરો તો સારુ, સાહેબ હું ગરીબ છું. ડોકટર દયાળુ હોય અને કહે, હશે ભાઈ તમારી પાસે અત્યારે કેટલા રૂપિયા છે. પેલો કહે પાંચસો રૂપિયા છે. ડોકટર કહે લાવ પાંચસો રૂપિયા બે હજાર રૂપિયા તારા માફ, ત્યારે પેલા માણસને ડોકટરનો કેવો ગુણ આવે ? કહેશે કે ડોકટર તો બહુ દયાળુ છે. મારા બે હજાર રૂપિયા માફ કરી દીધા. ડોકટર તો ભગવાન જેવો માણસ છે. પણ ખરેખર આપણે જોઈએ તો ડોકટર પેલા તુટેલા હાડકાને ફક્ત સામસામે મુકે છે. તેને સાંધે છે તો ભગવાન જ. તેમાં ડોકટર કોઈ સાંધવા માટેનો ગુંદર કે કાંઈ લગાવતા નથી ફક્ત સામસામે ગોઠવેલું હાડકું ખસી ન જાય માટે પ્લાસ્ટર કરે છે. સાંધનારા તો ભગવાન જ છે. છતાં સામસામે ગોઠવવાના જો ડોકટર બે હજાર રૂપિયા ઓછા લે તો આપણને એ ડોકટરનો ગુણ આવે છે. એની દયા દેખાય છે. પરંતુ જેણે વગર પૈસે આપણને આખું આ હાડપિંજર આપ્યું તેની દયા ક્યારેય દેખાય છે ? એ દયાળુ પ્રભુની દયા તો જુઓ ! શરણે આવેલ પતિત ને પણ મુક્તિ આપનારની દયાને કેમ કરી વર્ણવી શકાય !

સર્વોપરિ શ્રીહરિની દયાળુઓના તો અનેક પ્રસંગો છે. પણ એક આપણા જેતલપુરનો પ્રસંગ છે. એકવાર જેતલપુરમાં ભગવાન સ્વામિનારાયણે મહા વિષ્ણુયાગનું આયોજન કર્યું. આ યજ્ઞની જવાબદારી સ.ગુ. આનંદાનંદ સ્વામીને સોંપવામાં આવી. સ્વામીએ આવેલ ભક્તજનોના પ્રસાદની વ્યવસ્થા માટે સીધા સામગ્રી ભેગી કરી. ઘઉં, ચોખા, ઘી, તેલ દરેક વસ્તુ ભેગી કરી તૈયારી કરી. યજ્ઞના બે દિવસ બાકી રહ્યા. સ્વામી મહારાજ પાસે ગયા. અને કહ્યું મહારાજ બધી જ તૈયારી થઈ ચૂકી છે. પરંતુ ઘઉં દળાવવાનું ધ્યાન બહાર જતું રહ્યું છે. મહારાજે વિચાર કર્યો. હવે શું કરવું. યજ્ઞના ફક્ત બે દિવસ બાકી છે. હવે બે દિવસમાં હજારો ભક્તોના રસોઈના ઘઉં કેમ દળાય ? તે સમયમાં આવી ઈલેકટ્રીક ઘંટીની સુવિધા તો હતી નહીં ! મહારાજે વિચાર કરી અંતે સભામાં કહ્યું કે દરેક ભક્તો એક એક મણ ઘઉં લઈ જાઓ અને દળી લાવો. જે આ યજ્ઞના એક મણ ઘઉં દળી લાવવાની સેવા કરશે તેનું અમે કલ્યાણ કરીશું. દરેક ભક્તો ઘઉં લઈ જવા લાગ્યા. હવે આજ ગામમાં એક ગણિકા રહે. તેને આ વાત જાણી ત્યારે તેણે વિચાર્યું કે મેં મારા મોજને શોખ ખાતર આખી જીંદગીને પાપમય બનાવી દીધી, તેને ખૂબ પસ્તાવો થયો. અને પછી વિચાર્યુ હવે જે થઈ ગયું તે પણ હવે મારે આ પાપ કર્મ છોડી દેવા છે. અને ભગવાન સ્વામિનારાયણે જાહેરાત કરી છે કે આ યજ્ઞના જે કોઈ ઘઉં દળી લાવશે તેના ગમે તેવા પાપ હશે તે નાશ પામશે અને તેનું અમે કલ્યાણ કરીશું. ભગવાને મારા જીવનને સુધારવાનો આ મોકો આપ્યો છે. અને કહ્યું હે બાઈ સાંભળ આ ઘઉં તું તારી જાતે દળજે અને સ્વામિનારાયણ નામ લેતા લેતા દળજે. આ બે વાત કહી મહારાજે મોકલી, બાઈ પાસે ઘંટુલો તો હતો નહિ જેથી બીજા પાસેથી ઘંટુલો લઈ ભગવાનનું નામ લેતા લેતા બાઈએ ઘઉં દળવાનું શરૂ કર્યું. કોઈ દિવસ કામ ન કર્યું હોવાને કારણે બાઈના હાથે ફોલ્લા પડ્યા છતાં બાઈએ હાથ બદલી ઘઉં દળવાનું ચાલુ રાખ્યું. સવાર પડતા તો બાઈએ બધાજ ઘઉં દળી નાખ્યા. લોટનો ટોપલો લઈ સભામાં મહારાજ પાસે આવી અને મહારાજ આગળ તે લોટનો ભરેલો ટોપલો મુક્યો. ત્યારે કેટલાક જણા કહેવા લાગ્યા જોયું મહારાજ અમે કહ્યું હતું ને કે આ બાઈ કંઈ જાતે કામ ન કરે. એક રાતમાં તો કાંઈ કેવી રીતે દળી લાવી. બીજાની પાસેથી ઘઉં આપી લોટ લઈ આવી છે. ત્યારે મહારાજે પેલી બાઈને સભાજનોને હાથ દેખાડવાનું કહ્યું. સભાજનો બાઈના હાથે પડેલા ફોલ્લાને જોઈને સ્તબ્ધ બની ગયા ! અને મહારાજ તે બાઈ ઉપર ખૂબ રાજી થયા અને કહ્યું બાઈ તેં આજે ઘઉં નહિ પણ તારા પાપ દળ્યા છે. માટે જા અમે તારુ કલ્યાણ મુક્તાનંદ સ્વામી જેવું કરીએ છીએ.

આવું દયાળુ બીજું કોણ હોય જે પોતાના શરણે આવેલ પાપી જીવને પણ મુક્તાનંદ સ્વામી જેવા સંતની સાથે મુક્તિ આપે.

પોતાને શરણે આવેલાને તો તાર્યા એટલું જ નહિ પણ એ પરમાત્માએ તો પોતાને મારવા આવેલાઓને પણ તાર્યા છે.

પુતના પ્રભુને મારવા આવી તો પણ તેને ભગવાને તારી, રાવણને તાર્યો ! કંસને તાર્યો ! શીશુપાલને તાર્યો ! આવા તો પ્રભુ સાથે વેર બુદ્ધિ રાખવા વાળા અનેકને ભગવાને તાર્યા છે.

વિચાર કરીએ તો ખ્યાલ આવે કે પોતાને શરણે આવે તેને તો તારે પણ જે શત્રુ થઈને મારવા આવે તેની પર પણ દયા કરીને તાર્યા છે. આવો દયાળુ વિશ્વની અંદર બીજો કોણ હોઈ શકે.

માટે આપણે પણ એ પ્રભુની દયાળુતાને જો સંભારી રાખીશું તો એ પ્રભુનો મહિમા જણાશે અને સહેજે તેમની પ્રત્યે પ્રીતિ થશે.

કપટી એ કપટ કર્યું - બ્રહ્મભાવની વાણી

- પટેલ ગોરધનભાઈ શંકરલાલ (સોજા)

જેઠ મહિનામાં માવજી રે, ભૂમિતજી ચાલ્યા સ્વધામ રે,
શ્યામળિયા, સુખડાં દીધાં ઘણાં સાંભળે.

સ.ગુ. પ્રેમાનંદ સ્વામીની વાણી સાંભળતાં સૌના દિલમાં કરુણાનિધિ પૂર્ણ પુરુષોત્તમપરબ્રહ્મ પરમાત્માની દિવ્ય મૂર્તિ દિવ્ય સ્વરૂપ અને દિવ્ય તેમનાં લીલા ચરિત્રોની ઘટમાળ હરિભક્તોના હૃદયમાં ચિત્રપટની માફક અંકિત થયા વિના રહી શકતી નથી, સૌના હૃદયમાં કરુણા સાથે બ્રહ્માનંદ સ્વામીના હૃદયમાંથી ઉઠેલો બ્રહ્મભાવ અને વિરહની વેદના - સાથે વાણીના નાદની સાથે શ્રીહરિની મૂર્તિનાં દર્શન થાય છે. કેવી હતી તે રમ્ય મનોહર શ્રીહરિની મૂર્તિ..... તો દર્શન કરીએ માણકીના અસવાર શ્રીહરિનાં .....

જેઠે જીવન ચાલિયા, નિર્મોહી મારા નાથ,
દર્શન વિના દુઃખિયોં ઘણો, સર્વે વ્રજનો સાથ.
અંતર તાપ વિયોગનો, બાહેરથી લૂ વાય,
મળ્યા વિના હવે માવજી, જુગ તુલ્ય રજની થાય.
ફળિયામાં ઘોડી ફેરતા, છોગા ધરતા શિર,
તે દિન કેદી દેખાડશો, ડોલરીયા જગદીશ.
પ્રાણ જીવનજી પૂરીયે, હૈડા કેરી હામ,
બ્રહ્માનંદના નાથજી, આવો ને શ્રી ઘનશ્યામ.

શ્રીહરિએ સંવત ૧૮૮૬ ના જેઠ સુદી-૧૦ ના રોજ સ્વધામ પધાર્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢ મંદિરના શિખરનું કામકરાવતા હતા. અને તે સમયે ગઢડાથી ગોપાળાનંદ સ્વામી અને દાદા ખાચરે, સ્વામીને જલ્દી તેડી લાવવા ઉંટ ઉપર ભગુજીને મોકલ્યા હતા, તેમણે શ્રીજી મહારાજના સ્વધામગમનના કરુણ સમાચાર કહ્યાં તે સાંભળી સ્વામી કડિયાને કહે છે, "રતના! એ પાણો હવે ચોડજે મા' નીચે નાખી દે. કપટીએ કપટ કર્યું!" કેવા હતા તે સંત અને કેવો છે તેમનો પ્રગટ પરબ્રહ્મ પરમાત્મા સહજાનંદ સ્વામી સાથે નાતો ! સખા ભાવનો. શ્રીકૃષ્ણ અને અર્જુન જેવો. માત્ર જીવના કલ્યાણ હેતુ સર્વજીવ હિતાવહ અવતાર ધરવાનો - ધર્મસ્થાપવાનો, મંદિરો રચવાનો, સંપ્રદાયના શાસ્ત્રો રચવાનો અને કીર્તનો રચી શ્રીહરિને પ્રસન્ન કરવાનો પ્રયાસ કહેતાં ભક્તિ-રસનાં કીર્તન રચી ગાવાનો -

એક સમયે શ્રીજી મહારાજ અક્ષર ઓરડીમાં રિસાઈને પોઢી ગયા. સભાનો વખત થયો, સંતો, પાર્ષદો, બ્રહ્મચારી દર્શને આવ્યા તો પણ પોઢી રહ્યા, આંખો મીંચી દીધી ને સૂઈ ગયા, ત્યારે સૌએ વિચાર્યુ થોડીવારે જાગશે ને દર્શન દેશે. પણ બ્રહ્મમુનિની વાણી મૌન ન રહી શકી, તેમણે તો કીર્તન ગાવાનો આરંભ કર્યો - કેવું હતું તે કીર્તન -

રમત મનોહર રાસ, સદા સુખવાસ સ્વતંતર,
પ્રબલ ગોપજન પાસ, કમળ આભાસ શશીકર,
વિહરત કરત વિનોદ, મોહ અંતર નહિ માવે,
અરસ પરસ એક તાર, દરસ નવરસ દરસાવે,
સુખરૂપ સદા અક્ષરણ શરણ, ફનાં કરણ ભવફુંદકે,
સંત સાથ સદા ખેલત સહી નાથ સો બ્રહ્માનંદ કે.

મતલબ કે સદા સુખદાતા સ્વતંત્ર ભગવાન મનોહર રાસ રમે છે. તે ગોપ જનની પાસે બીજા જે મહાબળિયા હતા તેઓ જેમ ચંદ્રના કિરણોથી કમળનો આભાસ ઝાંખો પડી જાય, તેમ ઝાંખા પડી ગયા. તે ગોપજન વિહાર કરે છે. એટલે ફરે છે અને વિનોદ કરે છે. તેમ તેઓના અંતરમાં આનંદ સમાતો નથી અને પરસ્પર એક દૃષ્ટિથી નવ રસમય દર્શન કરાવે છે. અશરણના શરણ છે. અને ભવના બંધનને તોડી નાખે એવા છે. અને એજ બ્રહ્માનંદ સ્વામી હમણાં સંતોની સાથે નક્કી ખેલી રહ્યાં છે. કેવો અદ્‌ભુત છે. શ્રીહરિનો સંતો સાથે ખેલાતો આ આંખમીચૌલીનો ખેલ ! એ તો જેણે બ્રહ્મરસ ચાખ્યો હોય તેજ માણી શકે.

"હરિ આજ્ઞા ઉલ્લઘંન થાય, સુખ એમાં નહી ઉપજાય." એ મહા જ્ઞાન જેના જીવન-કાળમાં દૃઢ વણાઈ ચૂક્યું છે. એવા બ્રહ્માનંદ સ્વામી જો મારી પાસે હશે તો તેઓ મને ધામમાં જાવા નહિ દે. આ વાત જેના દિલમાં વણાઈ ચૂકી છે. તેવા શ્રીજી મહારાજે જૂનાગઢમાં રહેલ સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીને અંતર્યામીપણે પ્રેરણા કરી કે "જૂનાગઢના મંદિરની ઉપાધિ, બ્રહ્માનંદ સ્વામી વિના નહિ ટળે, એટલે સ્વામીએ શ્રીજી મહારાજને પત્ર લખ્યો કે બ્રહ્માનંદ સ્વામીને જુનાગઢ મોકલો અને શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામીને જુનાગઢ જવા આજ્ઞા કરી. શ્રીહરિનો મંદવાડ (મર્મ) બ્રહ્માનંદ સ્વામી જાણી ગયા હતા પણ આજ્ઞા કેમ લોપાય ? કારણ તેમના મનમાં શ્રીહરિની વાણી સદાકાળ ગુંજતી હતી.

"અમને પૂછવું હોય જેહ, શિક્ષાપત્રીને પૂછજો જેહ
શિક્ષાપત્રી અમે રચિ સારી, એ તો જાણવી મૂર્તિ અમારી
એ થકી ઉલટા વર્તનારા, સંપ્રદાયી નહિ તે અમારા
તેનું કલ્યાણ પણ નહિ થાય, એમ જાણજો સૌ મનમાંય.

એટલે ગુરુ આજ્ઞા સર્વોપરિ ધર્મ છે એમ સમજી સ્વામી જૂનાગઢ જવા શ્રીજીને દંડવત કરી ચાલ્યા પણ ગઢડાના સીમાડે હરણ ડાબે ઉતર્યા, જાણ્યું શુકન અશુભ છે ને દોહરો બોલ્યા,

હરણ એજ સુખનાં હરણ, હરણ બુદ્ધિબળ હરણ,
હરણ તેજ હિંમત હરણ, હરણ પ્રાન તન હરણ.

અને પાછા ગઢપુર, અક્ષર ઓરડીમાં આવીને શ્રીજીનાં દર્શન કરવા લાગ્યા ત્યારે શ્રીજી મહારાજે કસર હતી છતાં પણ ઉભા થઈ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને હૃદય સાથે ચાંપી, ધીરજ આપી પ્રસાદીનો ગૂઢો રેંટો આપી, ગુલાબનો હાર પહેરાવી કહ્યું કે "બ્રહ્મમુનિ દિલગીર થાવ મા, હું સદાય તમારા ભેળો છું." અહા ! કેવું હતું બ્રહ્મનું પરબ્રહ્મ સાથેનું આ અલૌકિક દિવ્ય ઐશ્વર્યયુક્ત મિલન-ગુરુ શિષ્યનું અહોભાવનું દર્શન. આ દર્શન કરવાનો દિવસ એટલે જેઠ સુદી-૧૦ નો દિવસ "શ્રી ગોપીનાથ મહારાજની મૂર્તિ સામે ઉભા રહી" પ્રાણ સ્નેહી ઘર આવો અબ પિયરા "કીર્તન પુકારી બ્રહ્માનંદના બ્રહ્મરસમાં તરબોળ થઈ પરબ્રહ્મ પરમાત્મની આજ્ઞા - પ્રમાણે વર્તીએ તો

ગ્રામ્યવાત ન કોઈ ઉચ્ચરે, હરિલીલાની વાત જ કરે,
એવું જોઈને ભાસે એ કામ(મંદિર) જાણે અહીં છે
અક્ષરધામ.

શ્રી સ્વામિનારાયણ મંદિર (ઈટાસ્કા) શિકાગો U.S.A.નો દશાબ્દિ પાટોત્સવ મહોત્સવ

- પ્રવિણભાઈ ભગત / ધીરુભાઈ ભુંગળીયા

શ્રી નરનારાયણદેવ તાબાની સંસ્થા ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ ઓર્ગેનાઈઝેશન ISSO, USA ની સ્થાપના પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરી છે. આ સંસ્થાના તાબાના USA માં અગીયાર મંદિરોના નિર્માણ થઈ ચૂક્યા છે. તે મંદિરોમાં શિકાગો (ઈટાસ્કા))નું મંદિર શિખરબધ્ધ મંદિરોમાં સર્વ પ્રથમ નિર્માણ થયેલ છે. મંદિરની વિશેષતાઓમાં ભવ્ય સભામંડપમાં બિરાજમાન સર્વાવતારી મનમોહક મૂર્તિ શ્રી ઘનશ્યામમહારાજનું બાલ સ્વરૂપ સર્વેમાં આકર્ષણનું કેન્દ્ર છે. જે મૂર્તિ રાધાકૃષ્ણદેવના સ્વરૂપની સાથે બિરાજે છે તથા શ્રી નરનારાયણદેવ, શ્રી લક્ષ્મીનારાયણદેવની આરસની મૂર્તિઓ દક્ષિણ ઉત્તર બાજુ આવેલી છે. તેમજ પંચદેવના સ્વરૂપમાં પરોક્ષના ભક્તો અને સત્સંગીઓની મનોકામના પૂર્ણ કરે છે. સભા મંડપની ચારેય દિવાલોમાં શ્રીહરિના લીલા ચરિત્રોના ભવ્ય પેન્ટીંગ મુકવામાં આવ્યા છે. આ મંદિરનો ભવ્ય સ્ટેજ સાથેનો બેંકવેટ હોલ તથા ડાઈનીંગ હોલ આવેલો છે. જેમાં ધાર્મિક તથા સામાજીક કાર્યક્રમો અવિરત ચાલુ જ હોય છે. મંદિરના બહેનો રસોઈ બનાવીને કેટરીંગની સેવા આપે છે જેની આવકથી મંદિરની લોન હમા ભરપાઈ થતાં મંદિર પાંચ મીલીયન ડોલરના ખર્ચે તૈયાર થયું હોવાથી તેમાં મુખ્ય આવક કેટરીંગની રહી છે. આ મંદિરોમાં મેડીકલ ચેકઅપની સુવિધા છે. તથા બાળકોને ગુજરાતી શિક્ષણ તથા ધાર્મિક શિક્ષણના દર રવિવારે કલાસ ચાલે છે. જેમાં ચારસોથી પાંચસો બાળકો ભાગ લે છે. મંદિરનું વિશાળ એકસો ગાડીઓનું પાર્કિંગ છે. તેમજ મંદિરની આજુબાજુ બંશીપહાડપુર પથ્થરની કલાત્મક કોતરણી વાળા થાંભલાઓ તેમજ કમાનોથી ભરપૂર ભવ્ય એલીવેશન છે. અને મંદિરની ઉપર પથ્થરના ભવ્ય ત્રણ શિખરો મંદિરની શોભા વધારે છે. જે મુખ્ય માર્ગ પરથી પસાર થતા તમામ પ્રવાસીઓના મનને આકર્ષિત કરે છે.

કેટલાક તો શિખરને જોતા જ નમસ્કાર કરે છે.

કેટલાક દર્શન કરવા પણ આવે છે. આ મંદિરની કાર્યવાહક કમિટીના ઉત્સાહથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વર્ષો વર્ષ મોટા મોટા સમૈયા ઉજવાય છે. પ્રતિ વર્ષ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી થતા ભક્તોની ચેતનામાં અભિવૃદ્ધિ થાય છે.

આ મંદિરનો દશમો પાટોત્સવ તા. ૨૬-૭-૨૦૦૮ થી તા. ૩-૮-૨૦૦૮ નવ દિવસ પર્યન્ત ધામધૂમથી ઉજવાઈ ગયો. જેમાં દરરોજ બે થી ત્રણ હજાર હરિભક્તો લાભ લેવા પધારતા અને છેલ્લા બે દિવસમાં પાંચ થી સાત હજાર હરિભક્તોએ લ્હાવો લીધો.

આ પ્રસંગે હરિભક્તોના અત્યંત આગ્રહ ભર્યા નિમંત્રણથી ધર્મકુળની પધરામણી થઈ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા મોટા મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા અ.સૌ.પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, પ.પૂ. શ્રીરાજા તથા પ.પૂ. બિંદુરાજા સહિત સમસ્ત ધર્મકુળ પધાર્યા હતા. અત્રેના મહોત્સવમાં અમેરિકાના આપણા ISSO ચેપ્ટરો - મંદિરોના આપણા આત્મીય હરિભક્તો લાભ લેવા પધાર્યા હતા. લંડન, કેનેડા વગેરેથી પણ હરિભક્તો પધાર્યા હતા. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન નવાન્હ પારાયણ રાખવામાં આવી હતી. તેના વક્તાપદે શાસ્ત્રી રામકૃષ્ણદાસજીએ (કોટેશ્વર) બિરાજી કથામૃતનું પાન કરાવ્યું તથા ધોળકા મંદિરના મહંત શાસ્ત્રી પૂર્ણપ્રકાશદાસજી તથા જેતલપુરથી શાસ્ત્રી પુરુષોત્તમપ્રકાશદાસજી પધાર્યા હતા. મહોત્સવનું સ્ટેજ સંચાલન શાસ્ત્રી પુરુષોત્તમપ્રકાશદાસજીએ કર્યું હતું. અમેરિકાના અન્ય મંદિરોમાં સેવા આપતા હરિભક્તો સંતો પણ પધાર્યા હતા. આ પ્રસંગે હરિયાગમાં આશરે એકસો યજમાનોએ ભાગ લીધો. તથા ભગવાનના મહાભિષેકની ભવ્યતા દિવ્યતા તો શ્રીહરિની શ્રધ્ધામાં ખૂબજ અભિવૃદ્ધિ કરતી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એમ ત્રણેય સ્વરૂપ દ્વારા ભગવાનનો મહાભિષેક કરવામાં આવતાં અલભ્ય લ્હાવો ભક્તોએ અનુભવ્યો હતો. તથા ભગવાનને મહાનૈવધ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. નવ દિવસ દરમ્યાન મેડીકલ ચેકઅપ, બ્લડ ડોનેશન, બાળકો અને યુવાનોનો આકર્ષક સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ભવ્ય નગરયાત્રા શોભાયાત્રા રાખવામાં આવી હતી. તેમજ ભવ્ય આતશબાજી નિહાળીને ભક્તોના ઉત્સાહને વધાર્યો હતો. મંદિરના પ્રેસિડેન્ટ શ્રી જગદીશભાઈ પટેલે આ પ્રસંગે આભાર વિધિ કરી હતી અને આ મહોત્સવનું આયોજન સંપૂર્ણ પણે યુવાનોને સોંપવામાં આવેલું હતું. જે સંપૂર્ણ પણે સફળતા મળી. તેથી પોતાની ભાવિ પેઢીનું સત્સંગમાં મમત્વ વધતાં તેઓના મા-બાપને સંપૂર્ણ સંતોષ થયો હતો. આ યુવાનોને સત્સંગમાં દ્રઢ કરવાના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સતત પ્રયાસોના પરિણામે યુવાનો વડીલો કરતાય વધુ ધર્મના સંસ્કારો અને મમત્વવાળા બનતા મંદિરોનું નિર્માણ સમ્પૂર્ણપણે સાર્થક થયું છે. એક મંદિર પાંચસો જેવા સક્રિય યુવાનોને તૈયાર કરે તેવા ભવ્ય અને દિવ્ય મંદિરના દશાબ્દિ મહોત્સવને કોટી કોટી ધન્યવાદ. આ મહોત્સવના યજમાનોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.



શ્રીજી મહારાજના પ્રસાદીના સ્થળો
અમદાવાદ મંદિર

ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

એક વચ્ચે છત્રી : આ છત્રી છે તે જગ્યાએ શ્રીજી મહારાજ પાટ ઉપર પાટ નખાવી તેના ઉપર ઉભા રહી સંતો હરિભક્તો સાથે ફુલ દોલોત્સવ પ્રસંગે અનેકવાર રંગે રમ્યા છે. તથા સભામાં પાટ ઉપર બિરાજી દર્શન તથા વચનામૃતનો ઉપદેશ આપ્યો છે. તેની સ્મૃતિરૂપે તે જગ્યાએ આરસની છત્રી કરાવી ચરણારવિંદ પધરાવ્યા છે. તે સમયથી શરૂ કરી આજ પર્યંત શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અથવા પ.પૂ. લાલજી મહારાજશ્રી આ જ જગ્યાએ દર વર્ષે નરનારાયણદેવના ફુલ દોલોત્સવ પ્રસંગે પાટ ઉપર ઉભા રહી કેસુડાના પ્રસાદીના રંગથી હરિભક્તોને ભીંજવી દઈને અપાર દિવ્ય સુખ આપે છે.

આ જગ્યાએ શ્રીહરિએ ઘણીવાર હરિભક્તોને ફુલદોલ ઉત્સવનું અપાર સુખ આપ્યું છે. તે પૈકી એક પ્રસંગની ફક્ત બે થી ત્રણ લીટી લખી સંતોષ માનીએ..... ભગવાન શ્રીહરિ સર્વ સંતો પાર્ષદો અને સત્સંગી ભક્તો ઉપર રંગ છાંટતા હતા. રંગની પીચકારી ભરીને હાથની ચતુરાઈથી એવી રીતે રંગ છાંટતા હતા કે એ રંગનો પ્રવાહ કઈ બાજુ કોના ઉપર જશે તે કોઈ નક્કી કરી શકતું ન હતું. રંગ છાંટ્યા પછી ગુલાલના ખોબા ભરી ભરીને ઉડાડતા હતા. આથી સંતો હરિભક્તોના શરીર એવા ઢંકાઈ જતા હતા કે તેમને ઓળખવામાં પણ ભૂલ થઈ જતી હતી.


દરવાજા પાસે છત્રી : મંદિરના દરવાજા પાસે ઉત્તર તરફ છત્રી છે ત્યાં પહેલા લીમડો હતો. તેની નીચે પાટ ઉપર શ્રીજી મહારાજ બિરાજી ઉપદેશ આપતા તેના સુંદર વચનામૃત પણ છે. તે લીમડો પડી જવાથી તે જગ્યાની સ્મૃતિ માટે ત્યાં છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં છે. અને તે લીમડાનું થડ બ્રહ્મચારીની જગ્યામાં જવાના બારણા પાસે ખૂણામાં દર્શન માટે રાખવામાં આવ્યું છે. પ.પૂ. મોટા મહારાજશ્રીએ આજ્ઞા કરેલ છે કે લખાણ ભલે લાંબુ થાય પરંતુ પ્રસાદીના સ્થળો વિષે High lights સાથે લખો, તે હેતુથી આ સ્થળની શ્રીહરિની કેટલીક લીલાઓનું સંશ્રિપ્ત વર્ણન અસ્થાને નહિ ગણાય.

શ્રી હરિકૃષ્ણ લીલામૃત ગ્રંથના ઉ.અ. ૮૬ માં સર્વજ્ઞાનંદ સ્વામી કેહ છે હે પૃથ્વીજીત રાજા ! પોતાના ભક્તોને સુખ આપનારા ભક્તવત્સલ મહાપ્રભુ શ્વેત વસ્ત્રો ધારણ કરી લીમડાના વૃક્ષ હેઠળ વેદિકા ઉપર વિરાજમાન થયા. ત્યાં સંતો તથા હરિભક્તોની મોટી સભા થઈ. હરિભક્તોએ શ્રીહરિનું પૂજન કર્યા બાદ ભક્તિ ધર્માત્મજ ભગવાન શ્રીહરિએ સભામાં કહ્યું, હે ભક્તજનો તમારા હદયમાં કોઈ શંકા હોય, કોઈ સંશય હોય, કોઈ પ્રશ્ન હોય તો કોઈ પણ જાતના સંકોચ વિના સુખેથી અમને પૂછજ્યો. આવું શ્રીહરિએ કહ્યું ત્યારે તે સભામાં મંગળજીભાઈ વ્યાસના પુત્ર મહા બુદ્ધિશાળી નારાયણદાસ બેઠા હતા. તેમણે સ્વામિનારાયણ ભગવાનને વિનયથી પૂછ્યું હે મહારાજ ! હે સ્વામી ! અમદાવાદ શહેરમાં આપે જે દેવની પ્રતિષ્ઠા કરી તે શ્રી નરનારાયણદેવ ભગવાનનો પ્રાદુર્ભાવ કેવી રીતે થયો ? તથા તેમનું માહાત્મ્ય શું છે ? અને આ જ શહેરમાં સાબરમતી તટે નારાયણઘાટનું તીર્થ છે તેનો ઈતિહાસ શું છે એ બધું અમને કહો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

દિશો છો સુંદર શ્યામ મહારાજશ્રી
દર્શન અર્પો છો ગામો ગામ મહારાજશ્રી
કરો છો ભક્તોના કામ મહારાજશ્રી
ભક્તો વદે છે આપનું નામ મહારાજશ્રી
દર્શન ન મળે ખર્ચે દામ મહારાજશ્રી
દર્શનાથી થાય નિષ્કામ મહારાજશ્રી
આપ હરો દુઃખ તમામ મહારાજશ્રી
દયા દાખવો આમને આમ મહારાજશ્રી
ભક્તોના હૈયે ન રહે હામ મહારાજશ્રી
જાણે અહિંજ છે અક્ષરધામ મહારાજશ્રી

- પ્રો. સૂર્યકાંત ભટ્ટ (ભુજ-કચ્છ)



કેનેડામાં આપણું સર્વ પ્રથમ મંદિર

- પટેલ ભાઈલાલભાઈ કરશનદાસ

કેનેડા પૃથ્વીના ઉત્તર ગોળાર્ધમાં ઉત્તર અમેરિકા ખંડમાં ઉત્તર ધ્રુવની નજીક કુદરતી સૌંદર્યથી ભરપુર દેશ છે. તે હરિયાળી ટેકરીઓ અને સુંદર જળાશયોથી ભરપુર સરોવરોનો દેશ છે. દુનિયાની એક અજાયબી નાયગ્રા ફોલ્સ કેનેડામાં આવેલ છે. તેની વસ્તી આશરે ૪ કરોડ છે. તેનો ભૌગોલિક વિસ્તાર ૯૯,૭૬,૧૧૨ ચો.કી.મી. છે. અહીં દુનિયાના ૧૫૦ દેશોમાંથી ઈમીગ્રન્ટ વસવાટ માટે આવેલ છે. વિવિધ દેશની જુદી જુદી સંસ્કૃતિઓ ધરાવતો દેશ છે. એવા આ દેશમાં આપણા સંપ્રદાયની મંદિરો સ્થાપનની પરંપરા મુજબ શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના **I.S.S.O.** સંસ્થાપિત આપણા નવ્ય મંદિરમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિ.સં. ૨૦૬૪ શ્રાવણ સુદ-૯ તા. ૧૦-૮-૦૮ ને રવિવારના રોજ ટોરેન્ટો ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા કરવામાં આવી.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ પ્રથમ સપ્ટેમ્બર ૨૦૦૩ માં કેનેડામાં ધર્મ યાત્રા કરેલ. તેમની આજ્ઞા આશીર્વાદથી દર શનિવારના સત્સંગ સભા શરૂ કરવામાં આવી, જે આપણું મંદિર થયું ત્યાં સુધી અવિરત ચાલુ રહી. અત્યારે મંદિરમાં દર રવિવારે સત્સંગ સભા થાય છે. ડિસેમ્બર-૦૩ માં પૂજ્ય મહારાજશ્રી ફક્ત એક દિવસ માટે પધારેલ ત્યારે સનાતન મંદિરમાં વિશાળ ધર્મ સભાનું આયોજન કરવામાં આવેલું.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ ૧૯ મી સપ્ટેમ્બર ૨૦૦૪ ના રોજ પાંચ દિવસ માટે સત્સંગમાં વિચરણ કરી હરિભક્તોને દર્શન સુખ આપી ધન્યભાગી કર્યા હતા. સનાતન મંદિરમાં વિશાળ ધર્મ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓશ્રીએ કેનેડામાં આપણું મંદિર વહેલાસર થાય તેવો દ્રઢ સંકલ્પ કર્યો હતો.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ૨૨ જૂન ૨૦૦૭ ના રોજ પાંચ દિવસના સત્સંગના પ્રચાર માટે અત્રે પધાર્યા. તેઓશ્રીએ મંદિર માટે ટોરેન્ટોમાં વિવિધ યુનિટો જોયા. તેઓશ્રીએ **1270 Finch Avenue Unit No. 9** ની પસંદગી કરી. આ યુનિટમાં વિ.સં. ૨૦૬૩ આસો સુદ-૧૦ દશેરા તા. ૨૧-૧૦-૦૭ ને રવિવારના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના જન્મોત્સવના રોજ હરિભક્તો દ્વારા બનાવવામાં આવેલ સુંદર સિંહાસનમાં ચિત્ર પ્રતિમા પધરાવી. સત્સંગીઓથી મંદિર ભરાઈ ગયેલ. આપણા મંદિરમાં સત્સંગ, કથા, કીર્તન-ભક્તિ શરૂ થયા. ધાર્મિક તહેવારો ઉજવવા લાગ્યા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ડિસેમ્બર ૨૦૦૭ માં અત્રે પધાર્યા ત્યારે મંદિરમાં પધારી ધર્મ લાભ, દર્શન સુખ આપી સ્વહસ્તે આરતી ઉતારી.

ધન્ય ઘડી, ધન્ય અવસર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ કરવા પ.પૂ. મહારાજશ્રીએ આજ્ઞા, આશીર્વાદ આપ્યા. તેઓશ્રીની નિશ્રામાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ કમિટી બનાવવામાં આવી. મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ૮, ૯, ૧૦ ઓગસ્ટ ૨૦૦૮ નું સુંદર અને વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું. વિવિધ પ્રકારની સેવા કમિટીઓ બનાવી. સર્વે સેવાભાવી સત્સંગી ભાઈ-બહેનોનો સહકાર લેવામાં આવ્યો. સંભારણારૂપે "પરંપરા" સુંદર અને કલાત્મક માહિતી સભર સોવિનીયર બનાવવામાં આવ્યું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી ઉદયનભાઈ મહારાજા જરૂરી માર્ગદર્શન આપવા ૨ માસ પહેલા આવ્યા હતા. આપણા સંપ્રદાયના મહોત્સવોના ખૂબજ અનુભવી આદરણીય બ્રહ્મનિષ્ઠ કથાકાર સંત પ.પૂ. શ્રી પી.પી. સ્વામી (જેતલપુર)ના માર્ગદર્શન મુજબ આરસની મૂર્તિઓ જયપુરમાં બનાવવામાં આવી. કાષ્ટનું નકશીકામવાળુ સુંદર સિંહાસન ભારતમાં અનુભવી, કુશળ કારીગરો પાસે તૈયાર કરાવવામાં આવ્યું. તેઓશ્રીની સાથે ધોળકાના મહંત શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી તા. ૩-૮-૦૮ના રોજ અત્રે પધારેલ. મંદિરના પ્રાંગણમાં મૂર્તિઓનું કન્ટેનર તા. ૫-૮-૦૮ ને મંગળવારે સાંજના ૫-૩૦ વાગે આવ્યું. મેઘરાજાએ અમી છાંટણા કરી સુંદર સ્વાગત કર્યું.

તા. ૪-૮-૨૦૦૮ બુધવારનો સૂર્યોદય થતા સિંહાસનનું એસેમ્બલ કરવાનું કાર્ય શરૂ કર્યું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, સેવાભાવી સત્સંગીઓ તથા ભારતથી આવેલ કુશળ કારીગરો શ્રી રામજીભાઈ તથા શ્રી પરષોત્તમભાઈની સાથે રહીને રાઉન્ડ ધ કલોક કામ કર્યું. કાષ્ટ કલાકૃતિનું ફિટીંગ, મારબલ ફિટીંગ, કલર તથા પોલીશીંગ કામ રવિવારની વહેલી સવાર સુધી ચાલ્યું. શિકાગો મંદિરમાંથી મોટા ભગત શ્રી ઘનશ્યામભાઈ તથા અમેરિકાના જુદા જુદા ચેપ્ટરોમાંથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાન સ્વયં સેવકો સેવા કરવા પધારેલ. તેમને અહીં સ્વયં

સેવકોને ખૂબજ સાથ અને સહકાર આપી કાર્ય સમયસર પૂર્ણ થાય તે માટે ઉત્સહ વધાર્યો.

પૂજ્ય પી.પી. સ્વામી સ્વયં સેવક હરિભક્તોને સભામાં "ભગવાને તમોને મૂર્તિ પ્રતિષ્ઠાની સેવા કરવાની તક આપી છે તે ન ગુમાવવા જણાવતા સેવા ઝૂંટવી લેવા જણાવતા સેવા કરી શ્રીહરિ, આચાર્ય, સંતોનો રાજીપો મેળવી કલ્યાણનો માર્ગ સરળ કરવા જણાવતાં."

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તા. ૭-૮-૨૦૦૮ ના રોજ અમેરિકન એરલાઈન્સ દ્વારા બપોરના ૨-૦૦ વાગે પીઅરસન એરપોર્ટ, ટોરેન્ટો પધાર્યા. શા. પૂર્ણપ્રકાશદાસજી (ધોળકા, મહંતશ્રી) તથા સ્થાનિક આગેવાન હરિભક્તો દ્વારા ફૂલછડી આપી સ્વાગત કરવામાં આવ્યું. "શ્રી નરનારાયણદેવની જય, શ્રી ઘનશ્યામમહારાજની જય" ના જયનાદ સાથે સ્વાગત કરવામાં આવ્યું. યજમાનશ્રીના ઉતારે પધાર્યા. સાંજના ૮-૦૦ વાગે મંદિરમાં પધાર્યા. મંદિરમાં કમિટી વતી સૌ સત્સંગીઓ વતી શ્રી દશરથભાઈ ચૌધરીએ ફૂલહાર આપી સ્વાગત કર્યું. આ મંદિર આપણું છે. મહોત્સવ આપણો છે. સેવા કરી ભગવાનનો રાજીપો મેળવી લેવો તેવું પ.પૂ. મહારાજશ્રીએ જણાવ્યું. સ્વહસ્તે ઠાકોરજીની આરતી ઉતારી.

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની દિવ્ય પ્રસંગનો પહેલો દિવસ એટલે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ કથાનો દિવસ. સંતો પોથી સાથે સવારે પોથીયાત્રાના યજમાનશ્રીને ત્યાં પધાર્યા. સંતોનું પૂજન, પોથીનું પૂજન, આરતી કરીને પોથીયાત્રાની શરૂઆત કરી. પોથીયાત્રા મંદિર પાસે આવતા મંદિરમાં હાજર તમામ હરિભક્ત ભાઈ-બહેનો જોડાયા. ધૂન, ભજન, કીર્તન કરતા મંદિર દ્વારે આવ્યા. પારાયણના વક્તા પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર) તથા પોથીનું પારાયણના યજમાન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.

તા. ૯-૮-૨૦૦૮ના રોજ સવારે ૭-૩૦ વાગે મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ. મહાપૂજા શ્રી ઈશ્વરભાઈ શુકલ તથા તેમના ભાઈ દ્વારા ખૂબજ સરળ ભાષામાં તથા માહાત્મ્ય સાથે કરવામાં આવી. મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ૯-૩૦ વાગે કરીને મહાપૂજાનું સમાપન કર્યું.

વધુ સત્સંગીઓ ધર્મ લાભ, દર્શન લાભ લઈ શકે તે માટે મંદિરના પાછળના ભાગમાં ૮૦ x ૪૦ ફૂટનો વોટરપ્રૂફ ટેન્ટ બનાવવામાં આવ્યો હતો. બીજા દિવસ, ત્રીજા દિવસની પારાયણ કથા તથા આશિર્વચન સભા ટેન્ટમાં રાખવામાં આવી હતી. તેનું જીવંત પ્રસારણ કરવામાં આવેલ. જેથી મંદિરમાં બેઠેલા સર્વ કોઈ લાભ લઈ શકે. પારાયણ કથા દરમિયાન વરસાદ જોરદાર પડવા લાગ્યો.

હવે, આવ્યો આપણી કસોટીનો સમય, નિષ્ઠાનો સમય, વિશ્વાસનો સમય, શોભાયાત્રાનો સમય, આકાશમાં કાળા ડિબાંગ વાદળો સાથે મેઘરાજા ધોધમાર વરસી રહ્યા હતા. મંદિરમાં સ્વામિનારાયણ ભગવાનની ધૂન ચાલુ હતી. શોભાયાત્રા ૩-૦૦ વાગે યોર્ક યુનિવર્સિટીથી નીકળી મંદિરે પધારવાની હતી. સમય થતાં આગેવાન હરિભક્તો સ્થળ પર પહોંચી ગયા. પોલીસ ઓફીસરો પૂછે "આવા વરસાદમાં શોભાયાત્રા કેવી રીતે કાઢશો ?" શ્રી સ્વામિનારાયણ ભગવાન ને શ્રી નરનારાયણદેવમાં અચળ નિષ્ઠા ધરાવતા આગેવાન હરિભક્તો કહે "શોભાયાત્રા સમયસર અવશ્ય નીકળશે જ."

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણના દીકરા અને આપણા સૌના હૃદયના સ્વામી, સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોપરિ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી યજમાનના ઉતારેથી શોભાયાત્રામાં પ્રયાણ કરતા વરસાદ ધીમો થઈ ગયો. શોભાયાત્રાના સ્થળે મહારાજશ્રીનું આગમન થતાં મેઘરાજાનું ગમન થઈ ગયું. જેમ સ્વિચ ઓફ કરીએ ને વીજળી બંધ થઈ જાય તેમ મેઘરાજાની સ્વિચ ઓફ થઈ ગઈ. વરસાદ બીલકુલ બંધ થઈ ગયો. આ સર્વોપરિ ભગવાનના સર્વોપરિ પુત્ર એવા આપણા આચાર્ય મહારાજશ્રીની હાજરીનો ચમત્કાર હતો. તે સૌ હરિભક્તો તથા સ્થાનિક હજારો લોકોએ નિહાળ્યો.

શોભાયાત્રા સમયસર શરૂ થઈ. શોભાયાત્રામાં મહારાજશ્રી માટે તથા સંતો માટે હરિભક્તોએ સુંદર ટેબલો શણગારેલ હતો. એક બાળક નિલકંઠ વર્ણી બનેલ. શોભાયાત્રામાં શરૂઆતમાં વિડીયો શુટીંગની ગાડી હતી. ત્યારબાદ પૂજ્ય પી.પી. સ્વામી, શા. પૂર્ણપ્રકાશદાસજી તેમજ ડિટ્રોઈટ, ક્લિવલેન્ડ, ન્યુજર્સી વગેરે ચેપ્ટરોમાંથી પધારેલ સંતો પગપાળા ચાલતા હતા. તેમની પાછળ સ્થાનિક તથા વિદેશથી પધારેલ વિશાળ હરિભક્તોનો સમુદાય પગવાળા ચાલતો હતો. વડતાલ દેશ વિભાગના આપણા સત્સંગીઓ પણ શોભાયાત્રામાં જોડાયેલા. શ્રી સ્વામિનારાયણ ભગવાનની ધૂન, નંદ સંતોના કીર્તનો, વાજીંત્રો સાથે ગાતા-નાચતા-કુદતા બાળકો, યુવાનો અને વૃદ્ધો હતા, બહેનોએ કળશ - શ્રીફળ માથે લીધા હતા. ત્યારબાદ ચિત્ર મૂર્તિઓ અને મહારાજશ્રીનો શણગારેલ ટેબલો હતો. ટેબલાની પાછળ સત્સંગી બહેનો કીર્તન ભક્તિ

કરતા હતા. મહારાજશ્રીના શોભાયાત્રામાં અલૌકિક દર્શન થતા હતા. તે દર્શન કરી સ્થાનિક વિદેશીઓ ધન્ય બની જતા હતા. શોભાયાત્રાના દ્રશ્યોને તેમના સેલ ટેલીફોન કેમેરામાં કંડારતા હતા અને અહોભાગી થતાં હતા. અરે ! કેટલાક પરદેશીઓ ગાડી બંધ કરી પોતાની ગાડીમાં બેસીને સત્સંગીઓની માફક કીર્તન ધૂનમાં તાલી પાડીને ભગવાનમય થઈ જતા હતા. શોભાયાત્રા મંદિર દ્વારે પાંચ વાગે પહોંચી ત્યારે મહારાજશ્રી સાથે મંદિર પ્રવેશની ઉછમણી કરવામાં આવી. ધન્યભાગી હરિભક્તોએ તેમાં ભાગ લીધો. મહારાજશ્રીની આજ્ઞા થતા સૌએ મંદિરમાં પ્રવેશ કર્યો. વરસાદ ફરી ચાલુ થઈ ગયો. આ હતો ધર્મકૂળ, ધર્મવંશી, ધર્મ પુત્રનો ચમત્કાર ! શોભાયાત્રામાં શાલીગ્રામભગવાન પણ પધારેલ તે એક વિશિષ્ટતા હતી ! વિશેષ લ્હાવો હતો !

હવે ઘણા સમયની આતુરતાનો અંત આવ્યો. પૂ. મહારાજશ્રીના શુભાગમન સાથે મૂર્તિ પ્રતિષ્ઠાનો પ્રારંભ થયો. મૂર્તિઓની પ્રતિષ્ઠાથી ભક્તોના હૈયા આ દર્શન કરી આનંદમય થઈ ગયા. ધન્ય ભાગ્ય થઈ ગયા. સિંહાસનના મધ્યભાગમાં શ્રી ઘનશ્યામમહારાજ પધરાવ્યા. તેમની જમણી બાજુ શ્રી નરનારાયણદેવ અને ડાબી બાજુ શ્રી રાધાકૃષ્ણદેવ પધરાવેલ છે. શ્રી ગણપતિજી, શિવ પરિવાર ઉત્તરાભિમુખ અને શ્રી હનુમાનજી દક્ષિણાભિમુખ પધરાવ્યા છે. શ્રીહરિકૃષ્ણ મહારાજનો શોડષોપચાર અભિષેક પ.પૂ. મહારાજશ્રીએ કર્યો. પ.પૂ. મહારાજશ્રીએ મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ૧૦-૧૦ વાગે કરી. ત્યારબાદ વિષ્ણુયાગની પૂર્ણાહુતિ કરી.

પારાયણની પૂર્ણાહુતિની સભા ટેન્ટમાં થઈ. ટેન્ટ તથા મંદિર હોલ સત્સંગીઓથી ભરાઈ ગયો હતો. કેટલાક હરિભક્તો બહાર ઉભા રહ્યાં. પૂજ્ય મહારાજશ્રી આશીર્વાદ આપવા સભામાં પધાર્યા. સભામાં કીર્તન ભક્તિ તથા સંતોના પ્રવચન થયા. I.S.S.O. ના Ex. પ્રેસીડેન્ટ શ્રી ચંદ્રેશભાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યું. I.S.S.O. ટોરન્ટો, કેનેડાના પ્રેસીડેન્ટ શ્રી દશરથભાઈ ચૌધરીએ સંસ્થાકીય અહેવાલ આપી સૌ સાથ આપનાર, સહકાર આપનાર તથા શુભેચ્છા આપનારનો આભાર માન્યો.

જેમની વાણી સાંભળવા સૌના કાન આતુર હતા એવા હૃદય સમ્રાટ પ.પૂ. મહારાજશ્રીએ અમૃતવાણીની સરવાણી વહાવી. "ભગવાન નાના નથી. ભગવાન મોટા નથી, ભગવાન આપણને સુખ આપવા, લાડ લડાવવા આપણા માટે નાના-મોટા થાય છે. આપણે કોઈને કાંઈ આપવું હોય તો ભગવાન આપવા, ભગવાન આજે અહીં વિરાજમાન થયા છે તેનું બળ રાખી સેવા કાર્ય કરવું, ભગવાન શ્રી સ્વામિનારાયણ તમારા કાર્ય પૂર્ણ કરશે." પૂ. મહારાજશ્રીએ વધુમાં આશીર્વાદ સહ જણાવ્યું કે "સવારે ભગવાનની મૂર્તિ સામે જોઈએ ત્યારે આપણામાં જેવો ભાવ હોય છે તેવો મૂર્તિમાં દેખાય છે. ક્રોધ, ઉદ્વેગ હોય તો ક્રોધ, ઉદ્વેગ દેખાય છે. પ્રેમ હોય તો પ્રેમ દેખાય છે. હૃદયમાં હોય તેવું પ્રતિબિંબ પડે છે, તેવા દર્શન થાય છે." અંતમાં આ મંદિરમાં સૌ સત્સંગ, ભજન, કથા, કીર્તન કરી સુખીયા થાય અને સૌ પ્રગતિ કરી આપણું વિશાળ મંદિર થાય તેવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યાં.

વિધ વિધ પ્રકારની ભારતીય વાનગીઓ બનાવી સુંદર અન્નકૂટ ભરવામાં આવ્યો. તેની આરતીની ઉછમણીમાં સૌએ હરખભેર ભાગ લીધો. આ ઉપરાંત ચિત્ર પ્રતિમા, ધજાના યજમાનશ્રી, પ્રસાદીની કંઠીઓના યજમાનની ઉછમણી કરવામાં આવી. પૂ. મહારાજશ્રીએ અન્નકૂટની આરતી ઉતારી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની પૂર્ણાહુતિ કરી. ATM દ્વારા મહોત્સવનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું.

વિવિધ સેવાઓના યજમાનશ્રી, I.S.S.O. ના વિવિધ ચેપ્ટરોમાંથી આવેલ પ્રતિનિધિઓ, મહાનુભાવો, સહયજમાનશ્રીઓનું ભગવાન શ્રી સ્વામિનારાયણની ચિત્ર મૂર્તિ, I.S.S.O. ટોરન્ટોનું ટીશર્ટ, માહિતી સભર સુંદર આકર્ષક સોવિનીયર "પરંપરા" અને પ્રસાદ સુંદર બેગમાં મૂકી શુભેચ્છા ભેટ આપી સન્માન કરવામાં આવ્યું. ત્રણે દિવસ મહોત્સવના વિવિધ કાર્યક્રમોનું સફળ સંચાલન સુંદર રીતે શ્રી નટુભાઈ પટેલે કર્યું. તેઓશ્રી પ્રસંગને અનુરુપ મહારાજના લીલા ચરિત્રોનું શ્રોતાગણને પાન કરાવતા. મહોત્સવના ત્રણે દિવસ ચા-પાણી, નાસ્તો તથા મહાપ્રસાદની વ્યવસ્થા એક જુદા ટેન્ટમાં કરવામાં આવી હતી. દરેક સ્વયં સેવકે પોતાની ફરજ નિષ્ઠાથી બજાવી સૌ સત્સંગીઓના સહકારથી, શ્રીજી મહારાજની કૃપાથી, પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતોના આશીર્વાદથી મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સર્વાંગ સફળ અને સુંદર રીતે પૂર્ણ થયો.

પાર્ષદ કેસર ભગત

- ચંદ્રકાંત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ગુજરાતના ભાલ પ્રદેશમાં રૂડું મહિમાવંતુ એક ગામ છે. જેવા ઈશ્વરમાં ગુણ વર્તે તેવા ગુણ આ બ્રહ્મચારીમાં વર્તે છે. એમ કહીને શ્રીહરિએ જેમની પ્રશંસા કરી હતી એ મૂળજી બ્રહ્મચારીની જન્મભૂમિનું ગામ. આ જ ગામમાં રહેતા ક્ષત્રિય ઠાકોર બાપુભાઈ અને ફઈબાની પ્રાર્થનાથી સંવત ૧૮૭૬ માં શ્રીજી મહારાજે અહીં પધારીને હુતાશણીનો ઉત્સવ કર્યો હતો. અક્ષરધામ સમાન એ ગામનું નામ છે મછિયાવ. વિક્રમની વીસમી સદીના બીજા-ત્રીજા દાયકામાં ત્યાં દેવ જ્ઞાતિના ઉત્તમ ભક્ત હરિભાઈ મહેડુ તથા તેમના ધર્મપત્ની રાજુબા રહેતા હતા. પોતાના સંતાનો સહિત હરિભાઈ આનંદથી ભગવાનનું ભજન કરતા અને સંસાર વ્યવહાર ચલાવતા.

એકવાર ધ.ધુ. આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ત્યાં પધાર્યા. દંપતિ ખુશખુશ થઈ ગયું. મહારાજશ્રીની પધરામણી પોતાને ઘેર કરાવી. એ વખતે સંવત ૧૯૨૦ માં જન્મેલ સૌથી નાનો દીકરો માંડ બે-અઢી વર્ષનો હશે તેને મહારાજના ચરણ કમળ પાસે ઉભો રાખ્યો અને કહ્યું, આ સૌથી નાનો કેસર છે. આપ એને વર્તમાન ધરાવો અને ઉત્તમ ભક્ત થાય તેવા આશીર્વાદ આપો. મહારાજે વર્તમાન ધરાવ્યા અને રાજી થતાં બોલ્યા કે આ આત્મા ઘણો બળવાન છે. અમારા કુળની બહુ સારી સેવા કરશે. મહારાજના વચન સાંભળી હરિભાઈની છતી ગજ ગજ ફૂલી. તે દિવસ તેમને દિવાળી જેવો લાગ્યો. મા-બાપે દીકરા ઉપર વહાલપણો વરસાદ કર્યો.

કહેવાય છે કે સુખ દુઃખના દસકા હોય છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ. "રાત્રિ વિનાના દિન કો' ન દીઠા, વસંત કોયે નથી ગ્રીષ્મસુની" એક મોટા કવિએ જીંદગીનો મર્મ આ પંક્તિમાં અજબ રીતે ભરી દીધો છે. ચારણ કુટુંબ સુખેથી પોતાનું જીવન પસાર કરતું હતું એવામાં ગામમાં રોગચાળો ફાટી નીકળ્યો. માણસો ટપોટપ કોલેરાથી મરવા લાગ્યા. હરિભાઈના પત્ની રાજુબા અને બે વચેટ પુત્રો એમ ત્રણેય જણા અવસાન પામ્યા.

પત્ની જે પતિનું અરધું અંગ કહેવાય તે અને બે દીકરા ચાલ્યા જતાં હરિભાઈ ભાંગી પડ્યા.. ભરદરિયે કુટુંબનું વહાણ ડૂબ્યું. બીજા બે દીકરા પણ કોલેરામાં સપડાયા. અને પોતાને પણ એ રોગના ચિહ્નો જણાવા લાગ્યા. તેમણે ભગવાનને સંભાર્યા, સંકલ્પ કર્યો કે અમે ત્રણેય જણાં જો બચી જઈએ તો બધી માલમિલ્કત શ્રી નરનારાયણદેવને અર્પણ કરવી અને તેમની સેવામાં શેષ જીવન વિતાવવું. ગામમાં મૂળજી બ્રહ્મચારીના એક ભત્રીજી રામબા રહેતા હતા તેમણે બંને દીકારાના નાક વીંધી આપ્યા. મુખ્ય તો શ્રીહરિની ઈચ્છા તે આ નિમિત્તથી બંને ભાઈનો રોગ મટી ગયો. પછી હરિભાઈએ સ્થાવર જંગમ સર્વ મિલકત વેચી નાખી. મોટા પુત્ર હલુભાઈ તથા નાના પુત્ર કેસરદાનને ગાડામાં બેસાડી અમદાવાદ આવ્યા. મિલકતના જે પૈસા આવ્યા હતા તે શ્રી નરનારાયણદેવને અર્પણ કર્યા. બાપ-દીકરા ત્રણેય જણા આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજની સેવામાં રહ્યા. મોટા પુત્ર હલુભાઈએ સમય જતાં ત્યાગીની દીક્ષા લીધી. તેમનું નામ આચાર્ય મહારાજે રામકૃષ્ણદાસજી રાખ્યું હતું.

નાના દીકરા કેસરદાનજી તો માંડ ચાર-પાંચ વર્ષના બાળક હતા. વિચક્ષણ મહારાજશ્રી કેશવપ્રસાદજીએ બાળકની શારીરિક આકૃતિ તથા સ્વભાવિક પ્રકૃતિ નિહાળીને જ તેનું ભવિષ્ય વાંચી લીધું. કેસર દાનને પોતાના સાન્નિધ્યમાં જ રાખવા ગોઠવણ કરી. ભણવા લાયક થયા ત્યારે ભણાવવાની પણ વ્યવસ્થા મહારાજશ્રીએ કરી. કેસરદાનજીનું સેવાનું અંગ દ્રઢ હતું. તેથી પોતે ભણવા કરતાં આચાર્ય મહારાજની સેવાને પ્રાધાન્ય આપતાં. તેઓ ખપ પુરતું ભણ્યા અને મહારાજશ્રીની સેવામાં જોડાઈ ગયા. મહારાજશ્રીની સમય સમયની જરૂરિયાતો પોતે જાણી લીધી હતી. તેથી વગર કહ્યે મહારાજશ્રીની અનુવર્તી મુજબ સેવા કરતા. મહારાજશ્રી જ્યાં જ્યાં સવારીમાં પધારે ત્યાં સવારીમાં ખંતથી સાથે રહેતા. કેસરદાનની સેવા કરવાની નિષ્ઠા જોઈ મહારાજે તેમને પોતાના છડીદાર બનાવ્યાં.

કેશવપ્રસાદજી મહારાજે ડંકો વગાડવાની અદ્‌ભુત કળા હસ્તગત કરી હતી. કેસરદાનનું હીર પારખીને મહારાજે આ કળા તેમને પણ શીખવી. શુભ પ્રસંગે રાજા મહારાજાઓની સવારી નીકળતી તેમાં ઢોલ, શરણાઈ, પડઘમ, એવા જાત જાતના વાદ્ય-વાજિંત્રો સામેલ રહેતા. ડંકામાં અશ્વની પીઠ ઉપર બંને બાજુ વિશિષ્ટ પ્રકારના બે નગારાં રાખવામાં આવે છે. ડંકો બજાવનાર અશ્વની પીઠ પર બેસી સવારીની સ્થિતિ પ્રમાણે તે નગારા પર ચોબ (ખાસ બનાવેલી દાંડી) મારે છે. જરૂરિયાત પ્રમાણે ચોબ મારી વિશિષ્ટ ધ્વનિ ઉત્પન્ન કરવો એમાં જ ડંકો વગાડનારની નિપૂણતા છે. ત્રાંસા, સીધા,

આડા, ચોબ મારીને અમુક શબ્દોના ધ્વનિ ઉત્પન્ન કરવા તે કાંડાની કરામત છે.

ડંકો વગાડવાની શાસ્ત્રીય પદ્ધતિ છે. જુદે જુદે પ્રસંગે જુદા જુદા ડંકા વગાડવામાં આવે છે. જે શબ્દનો ધ્વનિ ઉત્પન્ન કરવો હોય તે લક્ષ્યમાં લઈ નગારા પર વધતા ઓછા દબાણથી દાંડી મારવામાં આવે છે. આ ક્રિયાને "મોરો" કહે છે. જેમકે સવારી ચાલતી થઈ તે જણાવવાનો મોરો નંબર બે છે. સવારી ઉભી રહે તે વખતે બજાવવાનો મોરો નંબર ચાર છે. ગાદી અભિષેક થતો હોય ત્યારે સોળ નંબરનો મોરો વગાડાય છે. એવી રીતે જુદાં જુદાં પ્રસંગના જુદાં જુદાં મોરા હોય છે. એકવાર આચાર્ય મહારાજ ડુંગરપુર પધાર્યા હતા. ત્યાં કેસરભગતે સલામીનો ડંકો એવો સરસ રીતે વગાડ્યો તે સાંભળી ડુંગરપુરના મહારાજા આફરીને થઈ ગયા. કેસર ભગતને રોકડ ઈનામ તથા પાઘ બંધાવી સન્માન કર્યું હતું. એવી જ રીતે એક પ્રસંગે વડતાલ ગયા હતા. ત્યારે પણ તેમણે બજાવેલ ડંકો સાંભળી આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ ખૂબ રાજી થયા હતા. કેસર ભગતની ખૂબ પ્રશંસા કરી ચાદર ઓઢાડી બહુમાન કર્યું હતું.

એ વખતે સંગીત વિદ્યામાં ઈડર રાજ્યનું ગાયકવૃંદ વખણાતું હતું. અમદાવાદથી કેટલાક સંતો સંગીત શિખવા ત્યાં જતા. મહારાજે કેસર ભગતને પણ સંગીત શિખવા ત્યાં મોકલ્યા હતા. તબલા, સિતાર, હારમોનિયમવગેરે વાદ્યો પોતે સારી રીતે બજાવી જાણતા. તે પછી અશ્વ વિદ્યા, ઘોડેસવારી શિખવા અને પિંગળ શાસ્ત્ર ભણવા ભુજ મોકલ્યા. આચાર્ય મહારાજે ભુજના મહારાવ ઉપર ખાસ ભલામણ પત્ર લખી તેમના માટે અનુકૂળતા ઉપલબ્ધ કરવા જણાવ્યું હતું. આમ કેસર ભગતે ઘોડે સવારી સાથે શાલિહોત્ર શાસ્ત્ર તથા પીંગળશાસ્ત્રનું જ્ઞાન પણ મેળવ્યું હતું. લાલજી શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ ભણવા લાયક થયા ત્યારે તેમનું દફતર તથા ગાદલી લઈ શાળાએ તેડવા-મુકવા જવાની જવાબદારી તેઓ સંભાળતા. લાલજી મહારાજ જ્યારે ગાદીએ આવ્યા ત્યારે છડીદાર તરીકે તેમની હજૂર સેવામાં રહેવાનું મહિમા પૂર્વક ચાલુ રાખ્યું.

(ક્રમશ:)

અનુસંધાન પેજ - ૫ નું ચાલુ

કરીને જ પ્રગતિ સાધી શકાય. જીવનમાં અને સત્સંગ અને સમાજમાં તકલીફો, અવરોધો અને મુશ્કેલીઓનો જ વિચાર કરતા રહીશું તો આગળ નહીં વધાય. પરંતુ તે માટે ફરિયાદો છોડી યોગ્ય દિશામાં આગળ વધવું પડશે. આયોજન વિના આગળ વધાતું નથી. આપણે પણ સાચા સંતોની સલાહ લઈને મહારાજના મેળાપ રૂપી લક્ષ્ય અને ધામરૂપી ધ્યેય સુધી પહોંચી શકાય છે. સંઘર્ષ જ આપણી પ્રગતિનું સાચું બળ અને કારણ છે. માટે તમો ઉત્સાહી બનો. તમારી બિખરાયેલી શક્તિઓને સંગઠીત કરો, નિરાશાને ખંખેરી નાખો, ઉત્સાહ માણસને જીવનમાં આગળ વધવાના સંઘર્ષ સામે બળ આપે છે. સત્સંગની, સમાજની, દેશની સેવા કરી પ્રભુ પ્રાપ્તિ મેળવવી હોય તો ઉત્સાહ જરૂરી છે.

આપણે સત્સંગની ઉન્નતિમાં આગળ ન ચાલીએ તો કાંઈ નહીં પણ ઉત્સાહ આવશે તો પરિવર્તન જરૂર આવશે. જીવનમાં કોઈપણ કાર્ય કરવું હોય તો ઉત્સાહ જોઈએ જ ! પછી જગત સંબંધી હોય કે પ્રભુ ભજન માટેનું હોય તેનાથી જ જાગૃતિ આવતા દોષો દૂર થાય છે.

બાહ્ય જગતમાં જેમ પરિવર્તન માટે ઉત્સાહ, ઘગશ જરૂરી છે તેજ રીતે જીવનમાં ભગવાનની પ્રાપ્તિ માટે જીવ અને મન સાથેની લડાઈમાં ધર્મ, નિયમપાલન, અંતઃશત્રુ સામે જીતવા અને ભક્તિમાં આગળ વધવા તેની જ જરૂર પડે છે.

સત્સંગમાં યુવાનોનું સ્થાન ખૂબ મહત્વનું છે. સત્સંગમાં આજે સંયમી અને સેવાભાવી યુવાનોની ખાસ જરૂર છે. યુવાનીમાં બુદ્ધિના જોરે ભર્યા ચોરી અવેરી કરી બુદ્ધિનું દેવાળુ કાઢે છે. યુવાન વયમાં પોતાની મનગમતી પરિસ્થિતિનું દર્શન કરવાની ઈચ્છા હોવાથી અટવાયા વિના રહેતા નથી તેથી સત્સંગમાં આચાર્ય મહારાજશ્રી, વડીલ સંતો અને વડીલ સત્સંગીઓની સલાહ લેવી જરૂરી છે. કારણ કે કોઈપણ ક્ષેત્રમાં માર્ગનું માર્ગદર્શન કરતા અનુભવ હોવો વધારે જરૂરી છે. પણ યુવાનીના છોડ પર અનુભવના ફૂલ આવતા જ નથી. વડીલો પાસે અનુભવેલી સલાહ હોય છે. માટે યુવાનોએ પોતાના જીવનમાં હાર સ્વીકારતા પહેલા સત્સંગી રૂપી બખ્તર પહેરી લેવું જરૂરી છે તેનાથી અંતઃશત્રુ સામે લડવાની હિંમત મળે. *(ક્રમશ:)*



સત્સંગ સુરભિ

કબ આવે મહારાજ !

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

"સૌ કુશળ છો ને ?" મહારાજ પૂછી રહ્યા હતાં. માંગરોળમાં શ્રીજી મહારાજ પધારે એટલે ગામ આખામાં ઉત્સવ થઈ જતો. અગાઉથી ખબર આવી હોય તો ગામને શણગારવામાં આવતું. લોકો સામૈયું લઈને સામે જતાં. કેટલીક વાર મહારાજ અણધાર્યા પણ આવી ચડતા. ત્યારે કામ પડતાં મૂકીને લોકો એમનાં દર્શને દોડી જતા. મહારાજ સૌને હેતથી પૂછે, "સૌ કુશળ છો ને ?" આટલા પ્રેમાળ બોલથી લોકો જાણે ચિંતામુક્ત બની જતા. લોકો નમી નમીને ચરણ સ્પર્શ કરતા. મહારાજ સ્નેહભીનાં નયનોથી અવિરત સ્નેહ પીરસૂતા!

એ સહુ સત્સંગીજનોમાં આણંદજી નોખાં તરી આવતા. મહારાજ પ્રત્યે એમને અનન્ય શ્રધ્ધા અને અસીમ સ્નેહ. મહારાજના બોલ એજ એમને મન આજ્ઞા અને મહારાજની મરજી એને જ પોતાનું ભાગ્ય ગણતાં.

આજે મહારાજ માંગરોળ પધાર્યા ત્યારે એક જણે મહારાજ સમક્ષ સૌના મનની વાત કરી, "તમે બે શબ્દ આણંદજીને કહો તો સારું. એ પોતે સારા સત્સંગી છે પણ એનો રંગ ઘરમાં કેમ નથી લગાડતા ?" બહારથી પ્રેમાળ લાગતા આ સૂચનમાં ઈર્ષ્યાની ચોવટ ભરી હતી એ મહારાજથી અજાણ નહોતું.

આરતી પૂર્ણ થયા પછી સભા થઈ એમાં મહારાજે મુદ્દાની વાત કરી :

"અમારો સત્સંગ દેખાદેખીનો ના માનશો. આ માર્ગ તો સમજણનો છે. જે કોઈ અહીં આવો કે બીજા ને લાવો તે જો ઠીક સમજીને આવ્યા હશે તો વ્રત-નિયમ પાળશે અને ભક્તિ કરીને અમારામાં ચિત્ત જોડાશે. ઘરનો દીકરો કે ઘરના જમાઈ કે ભાઈ કે સાળો જે હોય તેને આગ્રહ કરશો મા. વિલંબ થાય તો માનવું કે એટલી તમારી કાચ્યપ છે. પરંતુ એથી અધિરા ન થવું ને ઉદાસ પણ ન થાવું. તમારું વર્તન બોલશે અને વ્યવહાર ગાજશે. તમારી ભક્તિ જાદું કરશે. માટે કોઈએ કોઈને દોષ ન દેવો, કટુ વચન ન કહેવું, દુરાગ્રહ તો કદીય ન કરવો."

એમ કોઈનુંય નામદીધા વિના શ્રીહરિએ ઘણીક વાતો કરી.

સૌ વિખરાયા. મહારાજ એમના ઓરડા ભણી જતા હતા. લાગ્યું કે કૂવા પાસે અંધારામાં કોઈક વાસણો વીંછળે છે.

"એ કોણ આણંદજી કે ?" મહારાજે એમને નામ દઈને બોલાવ્યા. અને આણંદજીએ હાથનું કામ હેઠે મૂકીને પહેલા પરસાળના ગોખલામાં મુકેલું કોડિયું ઉપાડ્યું અને છાનામાના મહારાજની આગળ ચાલવા લાગ્યા. ઈશારાથી જણાવ્યું કે અહીં પગથિયું છે, જાળવજો અહીં કોઠી મૂકી છે. જરા ફરીને ચાલવું પડશે....

ઓરડામાં ગોઠવીને ગોખલામાં દીવો મૂક્યો. પથારી તો કરી રાખી હતી. કરચલી હતી નહિ. તો પણ હાથ ફેરવીને પથારી ચોખ્ખી કરી. પાણીનું પાત્ર હાથવગું થાય એમગોઠવ્યું. મહારાજ પલંગ ઉપર પોઢ્યા એટલે આણંદજી મહારાજના ચરણ તળાંસવા માંડ્યા.

મહારાજે કહ્યું, "રાખો હવે. અમને નિદંર આવી છે. તમે પણ વહેલા ઘેર પહોંચી જાવ. રાત્રે હીમ પડવાનું હોય એમ લાગે છે." મહારાજને પોઢાડી, સાધુની આજ્ઞા લઈને આણંદજી ઘેર જવા નીકળ્યા. નામદઈને મહારાજે બોલાવ્યા એનો હરખ હૈયામાં સમાતો નહોતો ! કેમ કરીને એમના ગમતામાં રહેવાય એવી રટ લાગી હતી.

રાત્રે અચાનક વરસાદ તૂટી પડ્યો. પરોઢિયે ઊઠીને આણંદજી સીધા મંદિરે પહોંચ્યા. મહારાજના હાથમાં દાતણ હતું. ઉતાવળે એમણે પાણીનો લોટો ભરી દીધો અને જ્યાં બીજી સેવા કરવા તત્પર થાય છે ત્યાં જ

મહારાજે રોક્યા. "આણંદજી, રાતે અમે વિચાર કરી જોયો. ગામ લોકો તમારાથી નારાજ થયા છે અને તમને સજા થાય એમઈચ્છે છે. અમારે તમને સજા કરવી છે માટે તમે આજે સભામાં ના આવશો. તમે ત્યાં હશો તો તમે વિનંતી કરશો અને અમારાથી ભક્તનું વીલું મોં જોવાતું નથી એટલે આઘે રહેજો."

આણંદજી ખસી ગયા. ફરી મહારાજની દિશામાં આવ્યા જ નહિ. જાણે શ્રીકૃષ્ણે આંખોથી જ ગોપીઓને આઘા ખસી જવાનું કીધું અને ગોપીઓ ડરીને આધી ખસી ગઈ ! રખેને અમારા પ્રીતમ અમારાથી નારાજ થાય એ બીકે ! એવી જ કંઈક મનોવ્યથા આણંદજી અનુભવી રહ્યાં. આ તો મહારાજે સ્વયં આજ્ઞા કરેલી એટલે અદાલતનો જ ચૂકાદો હતો પછી કોની પાસે દાદ માંગવી!

આજે સભામાં મહારાજે ઘોષણા કરી, "આણંદજીને અમે વિમુખ કર્યા છે. હવે તેઓ અમારી પાસે ના આવે. અને મંદિરમાં બહારથી દર્શન કરે પણ સેવા ન કરે." સભામાં સન્નાટો છવાઈ ગયો ! ગઈકાલ સુધી મહારાજના હૈયાનો હાર હતા તે આણંદજીને આજે વિખૂટા કર્યા. રંગ રહી ગયો. ઈર્ષ્યાળુઓ એકમેકની સામે જોઈ મલકાયા. પછી મહારાજ ઊભા થયા અને મંદિરમાંથી તેમજ ગામમાંથી નીકળી ગયા. આણંદજીએ દૂરથી એમને જતાં જોયા પણ "ફરી ક્યારે પધારશો ?" એમ કહી શક્યા નહિ. દુખઃ જરૂર હતું. પણ ફરિયાદ મુદ્દલ નહોતી પછી અભાવ તો હોય જ શેનો ? ચૂપચાપ પીપળાને ચોતરે જઈને બેઠા. જે સત્સંગી નીકળ્યા તેમને હાથ જોડીને જય સ્વામિનારાયણ કહ્યાં. કોઈકે ઝીલ્યા, કોઈક આડું જોઈને જતા રહ્યા.

બીજે દિવસે વળી આણંદજી મંદિર તરફ વળ્યા. ત્યાં કેટલાકને આશ્ચર્ય થયું "હવે ત્યાં શીદને જતા હશે ? વિમુખ કર્યા છતાં લાજ નથી આવતી ?" પણ લાજ કેવી ? કોઈ ખોટું કામ કર્યું હોય તેનો ડંખ લાગે. મનમાં પાપ હોય તો પાછા પડે. આણંદજીના પગ મંદિર ભણી ઉપડ્યા. મંદિરના બારણે જઈને જીભને સંભળાવ્યું.

'જીભલડી રે, હરિગુણ ગાતાં આવડું શું થાકી રે !'

બહારથી જ ઉભા રહીને એમણે દર્શન કર્યા. ધૂન-કીર્તન બોલ્યા અને ત્યાં જ દંડવત કર્યા. એમને હડસેલીને કેટલાક મંદિરમાં દાખલ થયા અને કોઈક પાછા વળીને કૌતુક જોઈ રહ્યાં. પરંતુ કોઈ એમ ના બોલ્યું કે, "ભગત, ઓછું ન લાવશો, દેવનું મંદિર સૌનું છે તે તમારું પણ છે. ચાલો હું તમારી સાથે આવું છું." એવું કોઈ ન બોલ્યા. એક જણને તો નફટાઈ સૂઝી. અને મોટેથી બોલતાં લાકડી ઉછાળી "હડ..... કૂતરી....."

આ ક્રમ રોજનો થતો ગયો. લોકોના શબ્દ પ્રહારને તુચ્છકાર વધતા ચાલ્યા. આમ તાપ વધતો ચાલ્યો અને આણંદજીનું સોનું તપીને વિશુધ્ધ થતું ગયું. એમનામાં અપાર ધૈર્ય આવ્યું, અખૂટ સ્વસ્થતા આવી, અદ્‌ભુત નિર્માનીપણું આવ્યું. રોજ બે વખત દર્શન કરી જતા, સંતો તથા હરિભક્તોને પ્રણામ કરતા. કથા ચાલતી હોય ત્યારે બહાર બેસીને જે કાંઈ થોડું સંભળાય તે સાંભળે અને મનમાં અખંડ શ્રી સ્વામિનારાયણનો ષડક્ષરી મહામંત્ર ચાલે!

એમ કરતાં ત્રણ મહિના વિતી ગયા. વૈશાખનાં વંટોળ ઉઠ્યા. અને આણંદજીનું અંતર ગામની સીમમાં મહારાજની વાટ જોતું ભમવા લાગ્યું. ચિત્તમાં એક ચિત્કાર ઉઠ્યો.

'કબ આવે મહારાજ !'

અને જાણે આણંદજીની વેદના મહારાજે સાંભળી હોય તેમ ત્રણ મહિના પછી શ્રીહરિ માંગરોળ પધાર્યા. હરખના માર્યા આણંદજી આગળ ધસીને મળવા દોડ્યા પણ ક્યાંકથી કઠોર વજ્રઘાત થયો "હડ ..... કૂતરી....." અને એમના પગ થંભી ગયા.

થોડી વારમાં સભા મળી. દબાતે પગલે આણંદજી પગથિયા પાસે જઈ અંદર નિરખવા લાગ્યા. બહારથી જ પ્રણામ કર્યા, દંડવત્ કર્યા અને ધીરે રહીને હરિભક્તોનાં પગરખાં આગળ બેઠા. એક પગરખું હાથમાં લઈને એની ધૂળ ખંખેરી લૂછ્યું અને ગોઠવીને મૂક્યું. એમ કરતાં જ ગયા. અંદર લોકો ફૂલોના હાર ઉપર હાર પહેરાવી શ્રીહરિ ઉપર પ્રેમ ઢોળતા હતા અને બહાર એમનાં પગરખાં ઉપર આણંદજી પ્રેમ વરસાવતા હતા ! જોડાની જોડ મેળવતા જાય સ્વચ્છ કરે અને હારબંધ ગોઠવે.

એવામાં અચાનક શું બન્યું કે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ એકાએક ઉભા થયા, ઉતાવળે ચાલતા થયા અને બહાર પગથિયા આગળ જઈને ઉભા રહ્યા. આણંદજી તો શ્રીહરિની મૂર્તિમાં એકરસ થઈને પગરખાંની સેવા કરી રહ્યા છે. ત્યાં મહારાજે ગળામાંથી એક મોટો હાર તારવી, આણંદજીના ગળામાં પહેરાવ્યો. અને એ ઝબકી ગયા. હાંફળા ઉભા થયા અને જ્યાં મહારાજને નમવા જાય છે ત્યાં જ મહારાજે એમને બાથમાં લઈ બોલ્યા : "આણંદજી આવું ધૈર્ય ? તમે તો તપસ્વી કરતાં પણ ઉંચે ચડ્યાં."

પાછળ સહુ સભાજનો આવ્યા. સૌના આશ્ચર્યનો પાર નહિ. કોઈ સમજી શક્યા નહિ. મહારાજે આણંદજીનું ફાળિયું ઉઠાવી, ખંખેરીને એમના માથે બાંધ્યું. એમની હથેળીઓ હાથમાં લઈને પોતાના અંગરખે લૂછી અને ક્યાંય સુધી આણંદજીની આંખોમાં આંખો પરોવી જોઈ રહ્યા !

અનંત કોટી બ્રહ્માંડોનો અધિપતિ અનિમિષ નયને મને જોઈ રહ્યો છે. એ જોઈ આણંદજીની આંખોમાંથી પ્રેમાશ્રુઓની ધારા ચાલી તે મહારાજનાં ચરણો પ્રક્ષાલવા લાગી !

"મહારાજ કુશળ તો છો ને ? આણંદજીએ ગદ્‌ગદ્ સ્વરે પૂછ્યું, "ભલો મને યાદ કર્યો ? હવે આવ્યા છો તો એટલું સુખ કરતા જજો કે દર્શન કરવા અંદર જઈ શકું."

"તે તો ખરું જ, હમણાં જ ચાલો." કહી મહારાજે એમના ખભે હાથ મૂક્યો અને એમને મંદિરની અંદર દોરી ગયા. "અમે પણ તમારાં દર્શન માટે એવા જ આતુર બન્યા છીએ." એમ કહીને આણંદજીને પોતાની સમીપે બેસાડ્યા.

સૌને સમજાયું કે ભગવાનને ભજો એની નવાઈ શી? શીખવાનું એ છે કે ભગવાન કરતાં પણ એમના ભક્ત ઊંચા છે, એમનું માન બરોબર જળવાવું જોઈએ. પછી આણંદજીને મહારાજ પૂછવા લાગ્યા. "તમારી શી ઈચ્છા છે ? જે માંગવું હોય તે માંગી લો." "મહારાજ મને વિમુખ શાથી કરેલો તે કહો. મારી જે ભૂલ થઈ ન હોય તે મારે સુધારવી જોઈએ."

"ભૂલ ? તમે ભૂલ કરી એવું તો અમે કહ્યું નથી. પણ કારણ પૂછો છો તો સાંભળો. તમને તમારા આ જન્મની જ ખબર છે. પાછલાં જન્મોની વિસ્મૃતિ થઈ છે. એ જન્મોજન્મમાં કેટલુંક સવળું હોય ને કેટલુંક અવળું હોય. એ તમે આ જન્મોનાં કર્મોથી સુધારો અને કેટલુંક અમે બાળીએ તેથી આવી લીલા કરવી પડે. તમે તપ્યા, કસોટીમાંથી પાર ઉતર્યા, હવે નિર્ભય થઈને ભક્તિ કરજો. બધાં રૂડાં વાનાં છે."

સભા આખી આ સંવાદો સાંભળી વિસ્મય પામી ગઈ. ઈર્ષ્યાળુઓને સમજાઈ ગયું કે આણંદજી તો હજીયે શ્રીહરિના હૈયાનો હાર જ છે !.

તે રાતે બીજો ચમત્કાર થયો. આણંદજીના પત્નીને સ્વપ્નું આવ્યું કે પોતે પાણીની હેલ ભરીને પાછાં વળે છે એટલામાં મહારાજ માણકીએથી હેઠે ઊતર્યા અને આમતેમ જોવા લાગ્યા. બાઈને શું સૂઝ્યું તે માથેથી ઘડો ઉતારી શીતળ જળની ધારા કરી અને મહારાજને પાણી પાયું. એમને તૃપ્ત કર્યા.

સવારમાં પતિને ઉઠાડી, સ્વપ્નાંની વાત કરી. "એમ? આણંદજીએ હર્ષ કર્યો" તો સ્વપ્નાં છે તેને સાચાં કરી લો. મહારાજ ગામમાં જ છે. એમને રાજી કરી લો. આવો રૂડો અવસર ફરી ક્યારે આવશે ?" બાઈના રોમે રોમમાં જાણે મહારાજનાં દર્શનની તાલાવેલી જાગી.

નહાઈ ધોઈને દંપતી મંદિરે ગયાં ને મહારાજને પ્રણામ કરી વિનંતી કરી કે આજે અમારે ઘેર ઓચ્છવ કરો."

મહારાજ મલકાયાં અને આજે "ઓચ્છવ આણંદજી ને ઘેર !" એમ ઘોષણા કરી.

તે દિ' માંગરોળ ગામમાં સત્સંગનો જયજયકાર થયો. સહુ સમજી ગયા કે મહારાજે હરિભક્તોનું માન રાખ્યું, આણંદજી પાસે તપ કરાવીને એમનાં પાછલાં પાપો બાળી નાંખ્યા અને એમનાં પત્નીને દર્શન દઈને સત્સંગી કર્યા.

સમગ્ર માંગરોળ ગામમાં મંગલકારી મહાપ્રભુની આ અદ્‌ભુત લીલાથી આનંદ આનંદ છવાઈ ગયો.

સત્સંગ ભાગવાદિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

અંદરના શત્રુને ઓળખો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

પ્રભુ ! હૃદયમાં એમ થાય છે કે સારા કાર્યો કરવાં છે, ભક્તિ કરવી છે. સારા વિચાર આવે છે. ઘણીવાર એ સારા વિચાર ઉડી જાય છે. હવે જોયો પેલો ભજન-ભક્તિ વધુ કરે છે એનું ક્યાં ઠેકાણું પડ્યું છે ? બહુ ભજન-ભક્તિ કાંઈ નથી કરવી, ચાલશે. ક્યારેક આવા નબળા વિચારો આવી જાય છે. ક્યારકે બળવાન વિચાર આવે છે. તો અંદર આત્મા એક જ છે અને અંદરથી બે પ્રકારની વિચારધારા કેમ આવે છે ? એક કહે ભજન-ભક્તિ કરવી છે, સારા માર્ગે ચાલવું છે. બીજો ના પાડે છે આનું કારણ શું ?

માણાવદર ગામમાં ભક્તોની વિશાળ સભામાં ભક્તરાજ માયારામભટ્ટજીએ શ્રીહરિને જાણે કે આપણા વતીથી ઉપર પ્રમાણે પ્રશ્ન પૂછ્યો.

સ્વામિનારાયણ ભગવાન આખી સભાને સંબોધીને ઉત્તર આપતા કહેવા લાગ્યા. જુઓ ભટ્ટજી ! હૃદયમાં આત્મા તો એક જ છે. પરંતુ એ હૃદય છે એ કુરુક્ષેત્ર જેવી ભૂમિકા છે. ત્યાં બે લશ્કરો છે. અનાદિકાળથી છે. એ લશ્કરમાં સામસામી લડાઈઓ ચાલ્યા કરે છે. સારૂં અને નબળું બે સૈન્યો છે. એમાં નબળા સૈન્ય તરીકે પ્રભુ આગેવાનોનાં પાંચ નામો આપે છે.

એક તો લોભ, બીજો કામ, ત્રીજો રસાસ્વાદ, ચોથા સ્નેહ અને પાંચમો માન. આ પાંચ દોષ અને એનો પરિવાર છે. આ પાંચ તો આગેવાન છે. પણ એનો પરિવાર ગણાવ્યો હોય તો હજારો થાય. ઈર્ષ્યા, દ્વેષ, કંકાસ-કલેશ એટલું બધું મોટું લશ્કર છે.

પેલી બાજુ, ધર્મ, સંપ, સદ્‌ભાવ, સત્સંગ આ બધું સૈન્ય છે. આ બંનેની લડાઈ ચાલ્યા કરે છે. જ્યારે નબળી બાજુ જરાક જીતતી જાય તો ખરાબ વિચાર આવે છે અને સારી બાજું જીતે તો સારા વિચાર આવે છે. આ યુધ્ધ ચાલ્યા જ કરે છે. આજથી નહીં, જ્યારથી આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ ત્યારથી.

બ્રહ્માજી પ્રભુની આજ્ઞાથી જ્યારે આ સૃષ્ટિની રચના કરવા બેઠા ત્યારે બ્રહ્માના હૃદયમાંથી ધર્મ ઉત્પન્ન થયો ને બ્રહ્માના બરડામાંથી અધર્મ ઉત્પન્ન થયો. બસ આ ધર્મને અધર્મના સૈન્યનું યુદ્ધ માનવના હૃદયમાં ચાલ્યા જ કરે છે. માટે આપણી અંદર બે પ્રકારના વિચારો આવ્યા કરે છે. માટે આપણી અંદર બે પ્રકારના વિચારો આવ્યા કરે છે. હે ભક્તો ! ખરાબ વિચાર ન આવે તેનો ઉપાય તમને કહું છું. સૌથી પ્રથમ સત્સંગ. પ્રતિદિન જેને સત્સંગ હોય, સંતોનો સત્સંગ જેને થાય. શાસ્ત્રનો સત્સંગ જેને થાય એને ધીમે ધીમે સદ્‌ભાવ, ઈષ્ટ એની વૃદ્ધિ થતી જાય. અને દુર્ગુણો ધીમે ધીમે પરાજીત થતા જાય. અને એક સમય એવો આવે કે ભક્તના હૃદયમાં ધીમે ધીમે ભગવાનનો આવિર્ભાવ થાય અને તમામ દુર્ગુણો આવા ભક્ત હૃદયનો ત્યાગ કરીને નાસી જાય.

એક મહાત્માને એક ભાઈ ગાળો દેવા માંડ્યા, એવી ગાળો દેવા માંડ્યા જોશજોશથી. તો મહાત્માજી એની સામું જોઈ રહ્યા. પેલો થાક્યો. એકદમ જાણે માલનું તગારૂં ખાલી થઈ રહ્યું હોય ને એમ થાક્યો. પચ્ચીસ-પચાસ ગાળો દીધી પછી કહે છે. મેં આટલી બધી તમને ગાળો દીધી. તમે કેમ કાંઈ બોલતા નથી ? ભાઈ ! જેની પાસે જે હોય એ દે. તમારી પાસે આ માલ ભર્યો છે. એટલે તમે દેવા માંડ્યા. મારી પાસે એ માલ્યલું કશું નથી એટલે ચૂપ રહ્યો. મારી પાસે જે છે એ તમને આપવા માંડુ તો તમને ગમે કે ન ગમે. એટલે ગાળો તમારી પાસે છે ? એટલે જ બોલો છો ને, નહીં તો ક્યાંથી બોલો.

જેને સંગીત આવડતું હોય એ શરૂ કરે. ન આવડતું હોય એ જોઈ રહે. તમને ગાળો દેતાં આવડે છે. તમારી પાસે એ મટીરીયલ ઘણું બધું છે. એટલે તમે આપવા માંડ્યા. પણ એ મેં એકે સ્વીકારી નથી. એટલે તમારી પાસે ને પાસે રહેવાની. એટલે મહાત્માજી તમને ગાળો દેતા નથી આવડતી ? ના. તો તમને શું દેતા આવેડ છે ? જોઈએ છે ? આપું બેસ. મને તો એવું આપતા આવડે છે. ભગવાને આવું સરસ મુખ આપ્યું એમાં આવી સરસ જીભ આપી તો એ જીભથી કોઈને શાંતિ થાય એવા શબ્દો કેમ નહી ઉચ્ચારવાના ? આ જીભથી એવી વાણી ઉચ્ચારો કે પાંચ માણસ તમને ચાહે. આવો ભાઈ આવો. તમારો આદર કરે. આદર અને અનાદરમાં

સદ્‌ગુણોને તો ઓળખવાની વાત તો પછી પણ જીભ જ પહેલું કામ કરે છે. આવી રીતે સારું અને નરસું બંને માણસની અંદર રહેલું હોય છે.

સ્વામિનારાયણ ભગવાને માણાવદરમાં સભામાં ભક્તોને આ પ્રેરણાદાયી અણમોલ ઉપદેશ આપ્યો અને આપણા જીવને નબળો પાડનારા ગુનેગારોને ઓળખાવ્યા ને એને હટાવી દેવા સત્સંગ, શાસ્ત્ર મનન વગેરે ઉપાયો બતાવ્યા. એ જેના જીવનમાં હોય તે અંદર ચાલી રહેલા સંગ્રામમાં જીતી જાય છે. અને પરમસુખી બને છે. તેના હૃદયમાં મહાત્માની જેમ ખોટા દોષ પ્રવેશી શકતા જ નથી.

વરદાન નથી જોઈતું

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એક મહાત્માજી હતા. મહાત્માજી ખૂબ જ પવિત્ર. ગુણગ્રાહી સ્વભાવ વાળા, નિર્મળ મતિવાળા. તેમની બુદ્ધિ એટલી બધી તો નિર્મળ હતી કે તેમની આવી નિર્મળ મતિથી દેવો પણ વિસ્મય પામી ગયા.

તેમાં થયું એવું કે આ મહાત્માજીના પવિત્ર લક્ષણો જોઈ સ્વર્ગના દેવો ખૂબ રાજી થઈ ગયા. દેવોએ ભગવાનને પ્રાર્થના કરી કે હે ભગવન ! આ મહાત્મા કેટલા પવિત્ર છે. મહાત્માજીને પોતાના તપનું કોઈ અભિમાન નથી. મહાત્માજી સદા આનંદી સ્વભાવના છે. તેમને જોતા આનંદ થાય છે. અંતરમાં શાંતિ મળે છે. માટે હે ભગવન ! અમારી પાસે તો એવી કોઈ સામર્થી નથી કે જે આ મહાત્માજીને આપી શકીએ. પણ તમને પ્રાર્થના કરીએ છીએ કે તમે આવા મહાત્માજીને કાંઈક સામર્થી આપો. ભગવાને કહ્યું. જાઓ એ મહાત્માજીને જે જોઈતું હોય તે આપી આવો.

દેવો કહે છે, "હે મહાત્માજી" તમારા સ્પર્શથી રોગીના રોગ મટી જાય એવી સિધ્ધિ જોઈએ છે ?

મહાત્માજીએ કહ્યું ના એ કામ ઈશ્વરને કરવા દો.

દેવોએ ફરી કહ્યું તમારે પાપીઓના ઉદ્ધાર કરવાની અને કુમાર્ગે જનારને સન્માર્ગે ચડાવવાની સિધ્ધિની જરૂર છે ?

મહાત્માજી કહે અરે..... ના ના હું આ કામ લઉં તો લોકો ઈશ્વરથી વિમુખ બને તેથી મારે કોઈ સિધ્ધિની જરૂર નથી.

દેવો કહે અમારે તમને કાંઈ આપવું જ છે માટે તમારે શાની જરૂર છે ?

મહાત્માજી કહે "હે દેવો" મારે શી ઈચ્છા હોય ? ઈશ્વરની કૃપા મારા પર રહેવા દો. શું એમાં બધું નથી આવી જતું ?

દેવો કહે છે અમારે ફેરો નિષ્ફળ ન જાય માટે કંઈક માગો. નહિ તો અમે પરાણે આપીશું ?


મહાત્માજી કહે છે ઠીક છે ત્યારે, હું એટલું જ માગું છું કે મને ખબર પડ્યા વિના મારા હાથથી ઘણા સત્કાર્યો થાય. દેવોએ "તથાસ્તુ" કહ્યું.

પછી તો આ મહાત્માજી જ્યાં પણ વિચરતા ત્યાં હર કોઈના દુઃખ દર્દ મટી જાય. તેમના દર્શનથી સ્પર્શથી બધાને શાંતિ મળતી અને અનેક પાપી જીવોનો ઉદ્ધાર થતો. ભગવાનનું ભજન કરવા અનેક જીવાત્માઓ પ્રેરાતા. આ રીતે સત્કાર્યો થતા પણ મહાત્માજીને ખ્યાલ નહોતો આવતો, તે એમજ સમજતા કે ભગવાન જ બધાનું સારૂં કરે છે. ભગવાનની જ શક્તિથી આ જગતનું સારૂં થાય છે. આમ, અનેક લોકો સુખી થયા તેમાં આ મહાત્માજી માધ્યમ બન્યા.

એવા જ સંત આપણા વ્યાપકાનંદ સ્વામી હતા. કોઈને પણ દુઃખી દેખીને તેમનું હૃદય દ્રવી જતું. કોઈ ગામમાં ઘોડી મરી ગઈ. બધા રોકકળ કરતા હતા. વ્યાપકાનંદ સ્વામી ત્યાં હતા. તેમના કાને રડવાના શબ્દો સંભળાયા. એટલે ઘોડી પાસે જઈ કોઈ જીવનો પ્રવેશ એમાં કરાવી દીધો અને ઘોડી જીવતી થઈ ગઈ. એવી જ રીતે કોઈનો દીકરો મૃત્યુ પામી ગયો હતો. તેને જીવતો કર્યો. આવા કંઈક દુઃખીને સુખી કર્યા છતાં પણ શ્રીહરિએ જ્યારે તેમને બોલાવીને ઠપકો આપ્યો આવું ન કરશો. ત્યારે સ્વામીએ કહ્યું હું તો કાંઈ જ કરતો નથી એ બધુંજ આપની કૃપાથી થાય છે.

"એ રીતે કોઈપણ સત્કાર્ય પ્રભુ પ્રેરિત સમજી સહજતાથી કરવા. પણ પોતાને કર્તા માનીને ન કરવા. તો પ્રભુની પ્રસન્નતા મળે છે."

આમ, જેમનું જીવન ફક્ત ભગવાન પાસે પ્રસન્નતા મેળવવાનું છે. તેવા જ સંતો હિતાકારી છે. એવા સંતની પ્રાપ્તિ થવી એ દુર્લભ છે. તેમની સેવા એક જીંદગીનો લાહવો છે. તેમનો સત્સંગ જીંદગીની અણમોલ તક છે. તેવા સંતથી જ જીવ આલોક અને પરલોકમાં સુખી થાય છે.



ભક્તિ સુધા

શ્રીજી મહારાજના અનંત વિશ્વરૂપ દર્શન

- કંચનબેન રણછોડભાઈ પટેલ (નારણપુરા)

એક સમયે પંચાળામાં ઝીણાભાઈને સંકલ્પ થયો કે જેમ શ્રીકૃષ્ણે અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવ્યું તેમ શ્રીજી મહારાજ મને દર્શન કરાવે તો કેવું સારું ! આ સંકલ્પ શ્રીજી મહારાજે અંતર્યામી શક્તિએ જાણી કહ્યું કે ઝીણાભાઈ ઊંચે જુઓ. ઝીણાભાઈએ ઊંચે જોયું કે તરત જ અનંત રામકૃષ્ણાદિક અવતારો, અનંત વિરાટ પુરુષ તથા અનંત અક્ષરાદિ મુક્તો શ્રીજી મહારાજની સ્તુતિ કરતા દેખાયા.

શ્રીજી મહારાજના અનંત સામર્થ્ય આગળ અનંત કોટિ બ્રહ્માંડો, અનંત કોટી રામકૃષ્ણાદિક અવતારો તથા તેમનાં ધામ કંઈ ગણતરીમાં નથી. તેઓ કર્તા, અકર્તા અને અન્યથા કર્તા શક્તિવાળા છે. શ્રીજી મહારાજની ભ્રૂકુટિના એક વિલાસમાં અનંત કોટિ બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે. માટે શ્રીજી મહારાજના મહિમાનો પાર આવે તેમ નથી. તેથી જ શ્રી સહજાનંદ સ્વામીને સર્વ કર્તા હર્તા જાણીને સર્વોપરિ મહિમા સમજવો.

એક સમયે ઝીણાભાઈને ત્યાં પાંચસો પરમહંસ તથા અગણિત હરિભક્તો વર્તુળાકારે શ્રી સહજાનંદ સ્વામીનાં કીર્તનો તાળી પાડી ગાતા હતા. તે સમયે બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજને ઉંચકી લઈ, પોતાની પાસે ઉભા રાખ્યા જેથી સર્વેને એવો સંકલ્પ થયો કે મારી સમીપે પણ શ્રીજી મહારાજ હોય તો કેવું સારું ! આવો સર્વનો સંકલ્પ જાણી શ્રીજી મહારાજે અનંતરૂપ ધારણ કરી, દરેકની સમીપે પોતે ઉભા રહ્યા. શ્રીજી મહારાજે આ રાસ રમણમાં સર્વ ઈન્દ્રાદિક દેવો તથા રામકૃષ્ણાદિક અનંત અવતારોના નાડી પ્રાણ ખેંચી લઈ છ માસની રાત્રી કરીને સર્વને દર્શન દીધા. તે સમયે સર્વ રામકૃષ્ણાદિક અવતારો તથા સૂર્યાદિક દેવોએ અત્તર, ચંદન, કેસર કસ્તુરીથી પૂજા કરી પુષ્પથી વધાવીને અનંત પ્રકારના વાજાં વગડાવી સ્તુતિ કરી. તે સમયે મૂળ અક્ષરાદિક મુક્તો પણ સ્તુતિ કરતા હતા.

આ રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તોને અનેક વાર અનંતરૂપે દર્શન આપ્યાં છે. આજે પણ આવી રીતે શ્રીજી મહારાજ પોતાના ભક્તોને પ્રત્યક્ષ દર્શન આપે છે. અથવા પોતાના અપર સ્વરૂપે આચાર્ય મહારાજશ્રીના સ્વરૂપે દર્શન આપે છે. શ્રીજી મહારાજે બુરાનપુરમાં ગોવિંદરામભટ્ટને વિરાટની માફક હજાર હાથ આપી, મોટું રૂપ બતાવ્યું. આવાં દર્શન શ્રીજી મહારાજે અનેક ભક્તોને કરાવ્યાં છે. શ્રીજી મહારાજ ભક્તોને પરોક્ષ થતાં જ નથી, અભક્તને પરોક્ષ છે. શ્રીજી મહારાજ પોતાના ધર્મકુળ આશ્રિત સાચા હરિભક્તને દર્શન આપે છે ને તેવા સાચા હરિભક્તથી અણુંમાત્ર દૂર રહેતા નથી. વળી ખોટા અને ઢોંગી, દંભી હરિભક્તોને કદી દર્શન દેતા નથી.

●

ગઢપુરના લખુ કંદોઇ

- સાં.યો. હીરાબેન તથા સાં.યો. ભગવતીબેન (ધ્રાંગધ્રા)

ગઢપુરમાં નૃસિંહાનંદ સ્વામી મોટા સંત હતા. હરિભક્તોના દુઃખને જોઈ તેઓને દયા આવતી. ગઢપુરમાં એક લખુ કંદોઈ હરિભક્ત હતા. તેઓને સ્વામી સાથે અપાર હેત હતું. તેઓ દરરોજ સ્વામીના દર્શન કરવા આવતા અને સ્વામી કહે તેમ કરતા.

એક દિવસ નૃસિંહાનંદ સ્વામીએ પૂછ્યું : "લખુ ! તમારો વ્યવહાર કેવો છે ?" ત્યારે લખુ ભક્ત કહે : "સ્વામી ! નાની દુકાન ચલાવું છું તેમાંથી માંડ માંડ ઘરનું પુરુ થાય છે."

પછી સ્વામી કહે : "તારે દરરોજ પાશેર પેંડા અથવા ગાંઠીયા ઠાકોરજીને માટે લાવવા. લખુ કંદોઈ તો બહુ રાજી થયા અને મનમાં વિચાર કરવા લાગ્યા." સ્વામીએ કોઈને લાવવાનું ન કીધું અને મને એકને જ કીધું ? મારી કરેલી મહેનત ઠાકોરજી અને સ્વામીના કામમાં આવે તેથી વધારે રાજીપો મારે બીજો ક્યો જોઈએ ?" પછી તો દરરોજ પેંડા અને ગાંઠિયા લાવીને આપે અને દર્શન કરી જતા રહે.

સ્વામી તો દરરોજ ઠાકોરજીને ધરાવે પણ પોતે જમે નહિ, પરંતુ કોઈ સારા સંત અથવા હરિભક્તને આપી દે. એક દિવસ લખુ ભક્તે પેંડા અને ગાંઠિયા લાવી સ્વામીને આપ્યા. ત્યારે સ્વામીના શિષ્ય બોલ્યા, "હે ગુરુ ! તમે જમતા નથી અને બીજાને દરરોજ આપી દો છો તો પછી શું કામદરરોજ મંગાવો છો ? આ લખુ ભક્ત ખૂબ ગરીબ

છે. પરંતુ તમારો મહિમા સમજીને લાવે છે.'' ત્યારે નૃસિંહાનંદ સ્વામી પોતાના શિષ્યને કહેવા લાગ્યા : ''હે સાધુ ! સાંભળો, મારે લખુને ગરીબ નથી રહેવા દેવો. તે માટે જ હું દરરોજ પેંડા, ગાંઠિયા મંગાવું છુ. કેમ, જે તેના ઘરનું અનાજ ભગવાન અને સંતોના કામમાં આવશે એટલે તેમના ઘરમાં લક્ષ્મીજી પધારશે.''

તેવી વાત સાંભળીને તેમના શિષ્ય બહુ રાજી થયા. પછી થોડા જ સમયમાં લખુ કંદોઈ શ્રીજી મહારાજની કૃપા અને નૃસિંહાનંદ સ્વામીના આશીર્વાદથી ખૂબ સુખી થયા.

●

સંત સમાગમ

- જ્યશ્રી સુરેશ ઝિંઝુવાડીયા (ધ્રાંગધ્રા)

મુમુક્ષુજનોને આવા લક્ષણોવાળા સંતોના સમાગમથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યેયુક્ત ભક્તિ જીવનમાં આવે છે. આવા સંતોના સમાગમથી પ્રભુનો મહિમા સમજાય છે. પૃથ્વીમાં રહેલા તીર્થોનું માહાત્મ્ય પણ સંતોના સમાગમથી જ જાણવા મળે છે. માટે અવશ્ય ધર્મકુળ આશ્રિત સંતોનો સમાગમ કરવો.

તમારી અંદર માનરૂપ દોષ હોય તો તેનો ત્યાગ કરી સંતોના મુખથી પરમાત્માની લીલાનું પાન કરજો. પરંતુ એવી ઈચ્છા ન રાખતા કે હું મંદિરે જાઉ, કથામાં જાઉં એટલે સંતો મને હાર પહેરાવે. મારા વખાણ કરે. મને પ્રસાદનું પડીકું આપે, એવી ઈચ્છા રાખીને સંતો પાસે જવુ નહિ. પરંતુ કેવળ પરમાત્માનો મહિમા સમજવા સંસારના બંધન થકી કેમ મુક્ત થવાય તેના ઉપાય શીખવા તથા ધર્માદિક ગુણો કેવી રીતે જીવનમાં આવે તે શીખવા માટે સંત પાસે જઈને સમાગમકરવો.

વળી, અંતરમાં રહેલા કપટનો ત્યાગ કરવો. એટલું જ નહિ પરંતુ સંતોને પોતાનું મન અર્પણ કરી દેવું અને સમાગમકરવો એટલે તેઓ આપણને નિધડક થઈને આપણી ભૂલો સમજાવે. જો મન અર્પણ કર્યા વિના સમાગમકરીએ તો સંતોને આપણી ભૂલો કહેતા સંકોચ થાય અને પરિણામે આપણા જીવનમાં કસર રહી જાય.

સંતોના સમાગમથી જન્મ-મરણનું મોટું દુઃખ ટળી જાય છે. અને તમામ પાપો બળી જાય છે. તથા પરમાત્માનું અવિનાશીધામ મળી જાય છે, તેમજ સંસારના દરેક કાર્યો પરમાત્મા પૂરા કરે છે. માટે બ્રહ્માનંદ સ્વામી કહે છે : હે મુમુક્ષુઓ ! સંતોનો સમાગમ કરીને જન્મને સફળ કરી લો એજ મનુષ્ય દેહનો સાચો લાભ છે.

ખરેખર તમારે પરમાત્માના ધામને જ પામવાની ઈચ્છા હોય તો આપણા ધર્મગુરુ આચાર્ય મહારાજશ્રીના દર્શન આશીર્વાદ તથા સંતોનો સમાગમ કરો, એજ સર્વે શાસ્ત્રોનો સિદ્ધાંત છે. કારણ કે સંતો તમામ જીવ-પ્રાણીનું હિત કરનારા હોય છે. મોક્ષનો સાચો માર્ગ બતાવનાર અને પ્રભુની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવનારા સંતો જ છે તેઓને અંગત સ્વાર્થ કોઈજ હોતો નથી..... સંતો યમપુરીરૂપ કસાઈવાડામાં જતા જીવોને જ્ઞાનરૂપી ધન આપીને છોડાવી અક્ષરધામનો માર્ગ બતાવે છે. પણ તે કેવા સંતો ! જે ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં વર્તતા હોય તેવા સંતો થકી જ કલ્યાણ થાય.

ભક્તો ખુદ સ્વામિનારાયણ ભગવાને પ્રથમના ૮ માં વચનામૃતમાં કહ્યું છે કે,

''સાધુનો સંગ રાખવો અને કુસંગીનો ત્યાગ કરવો અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહના સંબંધીને વિષે જે મમત્વ બુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે. *(ગ.પ્ર.પ્ર. ૮ મું)*



પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્રશ્ન : ૧ શિક્ષાપત્રીમાં વૈષ્ણવના રાજા એવા તે ક્યા જેમનો ઉલ્લેખ શ્રીજી મહારાજે ક્યા શ્લોકમાં કર્યો છે ?

પ્રશ્ન : ૨ વિક્રમસંવત અઢારસોના પ્રારંભ કાળે બુદેલખંડમાં દતિયા ગામમાં નિવાસ કરતાં વિષ્ણુશર્મા પત્ની વીરજાદેવી તેમને બે બાળકો હતા. તેમાંથી એક પુત્રે સમય જતાં શ્રીજી મહારાજની પાસેથી ભગવી ચુંદડી ધારણ કરી. તો તે બે પુત્રોના નામ શું હતા અને જેમણે ભગવી ચુંદડી ધારણ કરી તેમને પ્રથમ કોનો મેળાપ થયો હતો ? ત્યારબાદ તેમનું નામ શું પાડ્યું ?

પ્રશ્ન : ૩ સ્વામિનારાયણ ભગવાને ક્યા શાસ્ત્રમાં ક્યા પ્રકરણના ક્યા અધ્યાયમાં કહ્યું છે કે, "सवेषां नीतति शास्त्राणाम् सारो वैदुरी को नय:"?

પ્રશ્ન : ૪ "જે, સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહિ. અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઈ રીતે લેજ નહિ. માટે જેને ભગવાનનું સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે. અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ.... આ ક્યા વચનામૃતનો સાર છે."

પ્રશ્ન : ૫ "આવોને રમીએ આજ, જગના જીવનજી....." પદના રચયિતાનું નામજણાવો.

પ્રશ્ન : ૬ મનુનો ત્રીજો પુત્ર શર્યાતિ તેના પુત્રનો પુત્ર કોણ કે જેણે સમુદ્રમાં કુશસ્થળી બનાવી ને ત્યાં રાજ્ય કરતો હતો. તે પુત્રના સૌ પુત્ર હતાં. તેમાં સૌથી મોટો કોણ કે જેણે પોતાની પુત્રીના લગ્ન બળદેવજીની સાથે કર્યા હતા ?

પ્રશ્ન : ૭ "જીવ જેમ સ્વભાવ છોડતો નથી તેમ ભગવાન પણ પોતાના સ્વભાવ છોડતા નથી." આ ઉક્તિ વાક્ય કોણ બોલ્યું છે.

ઓગસ્ટ-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપ ને સેવવું - શિક્ષાપત્રીના ૬૨ માં શ્લોકમાં કહ્યું છે. (૨) ૬૩ માં શ્લોકમાં શ્રીહરિ કહે છે કે "અમારા જે સર્વ સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રી રાધિકાજીના પતિ એવા શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું. (૩) સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી. (૪) ભાગવત શાસ્ત્રમાં દશમસ્કંધમાં ૫૭ માં અધ્યાયમાં "સત્રાજીત પાસે મણી હતો તે પ્રસંગ આવે છે ?" (૫) ૧. ભુતયજ્ઞ, ૨. પિતૃયજ્ઞ, ૩. દેવયજ્ઞ, ૪. મનુષ્ય યજ્ઞ, ૫. બ્રહ્મ યજ્ઞ. (૬) "સ્વામી પાસે આવ્યા અને કહે, એય ! મુક્તાનંદ એકલો બેસીને સારુ સારુ ખાય છે અને પાછો વાતો તો મોટી મોટી કરે છે અને સ્વાદ છોડવાની વાતો તો ખૂબ સરસ કરે છે. (૭) "કાળ માયા પાપકર્મ યમદ્ભુત ભયાદહમ્। શ્રીકૃષ્ણં દેવં શરણ પ્રપન્નોઽસ્મિસ પાતુ મામ્

૧. સાંખ્યયોગી શિલ્પાબા (સુરેન્દ્રનગર)
૨. સાંખ્યયોગી શિતલબા (સુરેન્દ્રનગર)
૩. કંચનબેન બાબુભાઈ પટેલ (રતપનર)
૪. વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર)
૫. હરગોવિંદ ચર્તુભુજદાસ પટેલ (મોટપ)
૬. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૭. રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઊંઝા)
૮. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૯. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૧૦. ભાવનાબેન કમલેશકુમાર ખંધડિયા (મોરબી)
૧૧. પ્રફુલાબેન એસ. પટેલ (ઉવારસદ)
૧૨. રામભાઈ અંબાલાલ પટેલ (વેડા)
૧૩. અમૃતલાલ ક. મોદી (સોજા)
૧૪. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૧૫. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૧૬. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૭. વિઠ્ઠલપરા અમરશી વશરામભાઈ (નવસારી)
૧૮. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૧૯. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (રાણીપ)
૨૦. જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આણંદપુરા)
૨૧. કૌશિકા કાચા (જીરાગઢ)
૨૨. ચંદ્રિકાબેન એસ. ટાંક (જીરાગઢ)
૨૩. મનાણી પુષ્પા (જીરાગઢ)
૨૪. અરવિંદાબેન એન. ભાવસાર ચાંદલોડિયા
૨૫. સુમિત્રાબેન નરેશકુમાર ભાવસાર (વિસનગર)
૨૬. વિણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૨૭. સાંખ્યયોગી ભારતીબા (સ્વા. મંદિર હવેલી અમદાવાદ)
૨૮. સાંખ્યયોગી મંજુબા (સ્વા. મંદિર હવેલી અમદાવાદ)
૨૯. હસુબેન કે. ઠક્કર (ઈશનપુર)
૩૦. સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૩૧. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૩૨. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૩૩. સાંખ્યયોગી બહેનો (મીરજાપર-કચ્છ)
૩૪. દેવીબેન હિરાલાલ દબાસીયા (મીરજાપુર-કચ્છ)
૩૫. કટારીયા દેવાભાઈ વાલાભાઈ (ટીંબા)
૩૬. હંસાબેન ઈશ્વરભાઈ (સાપાવાડા)

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવ અને શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાયા

પવિત્ર શ્રાવણ માસમાં કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પવિત્ર પુણ્ય શાળી શ્રાવણ માસમાં સર્વાવતારી શ્રી નરનારાયણદેવ, આદિ દેવો સમક્ષ હિંડોળાની સુંદર કલાત્મક થર્મોકોલની ડિઝાઈન કરીને ત્રણે મંદિરમાં ગોઠવવામાં આવ્યા હતા. સોના-ચાંદીના અદ્‌ભુત કલા કારીગરીવાળા ભવ્ય હિંડોળાને વિવિધ ફૂલો, સૂકામેવા અને ચોકલેટના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવીને અષાઢ વદ-૨થી શ્રાવણ વદ-૨ પર્યન્ત હજારો હરિભક્તોએ દર્શન કરીને ભાગ્યશાળી બન્યા હતા. હિંડોળાની અદ્‌ભુત સેવા મહંત સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી કોઠારી રામાનુજ સ્વામી, વી.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી, કોઠાર સ્ટાફ અને સંત પાર્ષદ મંડળ ખૂબજ શ્રધ્ધા ભક્તિથી સેવા કરીને ઠાકોરજી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. સેવાનુંરાગી હરિભક્તોએ યજમાન બની દુર્લભમાં દુર્લભ લાભ સુલભ રીતે પ્રાપ્ત કરીને જીવન ધન્ય બનાવ્યું હતું.

શ્રાવણ વદ-૮ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના શુભ દિને પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં રાત્રે ૮-૦૦ થી ૧૨-૦૦ કીર્તન ભક્તિ કાર્યક્રમઅને સંગીતમય ડાયરાનું સુંદર આયોજન થયું હતું. જેમાં કોઠારી રામાનુજ સ્વામી અને શા. ધર્મકિશોરદાસજીની પ્રેરણાથી આપણા સુપ્રસિદ્ધ કીર્તનકારશ્રી જયેશ સોની અને સાથીદારો તેમજ શ્રી ધવલ સોનીએ ડાયરાની રમઝટ બોલાવી હતી. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી પ.પૂ.મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. જેના દર્શન માટે હજારો સંત-હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. *(શા. ધર્મકિશોરદાસ)*

અમદાવાદ (કાલુપુર) મંદિરમાં બાળ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આશીર્વાદ-પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર ખાતે દર રવિવારે સવારે ૮-૧૫ થી ૯-૩૦ દરમ્યાન બાળ સભા ચાલે છે. તેમાં આ વિસ્તારના સત્સંગી હરિભક્તો તેમના બાળકોને સારા સંસ્કાર, જીવન ઘડતર અને સત્સંગનું પાયાનું જ્ઞાન મળે તે હેતુને લક્ષમાં લઈ આવી સુંદર બાળ સભાનો અવશ્ય લાભ લેવા અમારી આગ્રહભરી ભલામણ છે. *(કોઠારી સ્વામી અને સંચાલકશ્રી)*

અમદાવાદ મંદિર દ્વારા સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી કોઠારથી શા. ધર્મકિશોરદાસ, ભક્તિ સ્વામી, હરિજીવન સ્વામી અને બળદેવ સ્વામી આદિ સંત મંડળે જનતાનગર, જીવરાજપાર્ક, મેધાણીનગર, નારણપુરા, ઘાટલોડીયા અને નવા વાડજ મંદિરમાં હરિભક્તોને સર્વોપરિ શ્રીહરિનો મહિમા અને ધર્મકુળ ધર્મવંશીનું માહાત્મ્ય કથામાં વર્ણવ્યું હતું. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ માસમાં સવારે શિક્ષાપત્રી ભાષ્ય અને સાંજે શ્રીમદ્‌ ભાગવત દશમસ્કંધ કથા શા.સ્વામી રામાનુજદાસજી અને શા. ધર્મકિશોરદાસે કરાવ્યું હતુ. કથાનું રસપાન સવાર સાંજ સંત હરિભક્તોએ કરીને અલૌકિક લાભ મેળવ્યો હતો.

અમદાવાદ મંદિરમાં શ્રીમદ્‌ ભાગવત પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી અને રામાનુજ સ્વામીની પ્રેરણાથી અ.નિ. શૈલેન્દ્રસિંહ પોપટસિંહ વાઘેલાના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી શ્રીમદ્‌ ભાગવત સપ્તાહ પારાયણ તા. ૨૫-૮-૦૮ થી તા. ૩૧-૮-૦૮ પર્યન્ત શા.સ્વામી ધર્મકિશોરદાસજીના વક્તાપદે થઈ હતી. સંત-હરિભક્તોએ કથાનો મહા લાભ લઈ ખૂબજ ધન્ય ધન્ય બન્યા. *(ભીખાભાઈ)*

મેમનગર શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર મેમનગરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રાવણ માસમાં તા. ૨-૮-૦૮ થી તા. ૬-૮-૦૮ પર્યન્ત

શ્રીમદ્ સત્સંગિજીવન (પ્ર.-૨)ની રાત્રી પારાયણ શા. ધર્મવલ્લભદાસ (બોપલ મંદિર)ના સંત મંડળે કરી હતી.

દરમાસના પ્રથમઅને ત્રીજા શનિવારે રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સત્સંગ સભા યોજવામાં આવે છે. જેમાં બોપલ મંદિરના સંતો કથાનો લાભ આપે છે. જેમાં મેમનગર-વસ્ત્રાપુર, થલતેજ અને સોલા વિસ્તારના હરિભક્તોને લાભ લેવા જાહેર આમંત્રણ છે.

(શ્રી સ્વા. સત્સંગ સમાજ, મેમનગર)

હર્ષદકોલોની (બાપુનગર) મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને હરિભક્તોના સાથ સહકારથી પવિત્ર શ્રાવણ માસમાં તા. ૪-૮-૦૮ ના રોજ સમૂહ મહાપૂજા યોજવામાં આવી હતી. મહાપૂજા વિધિ શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુરના પ્રધાનાધ્યાપક ડૉ. વાચસ્પતિ મિશ્રએ કરાવી હતી. પૂજ્ય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીએ મહાપૂજાની પૂર્ણાહુતિ કરાવીને આશીર્વાદ આપ્યા હતા. જેમાં ૧૫૦ ભાવિકોએ લાભ લીધો હતો. આ પ્રસંગમાં શ્રી દાસભાઈ, મંદિરના પૂજારી વગેરે પ્રેરણારૂપ બન્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં ઠાકોરજીને અવનવા વિવિધ પ્રકારના હિંડોળામાં ઝુલાવવામાં આવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આ પ્રસંગે પધારીને ઠાકોરજીને હિંડોળે ઝુલાવી ઓચ્છવ મંડળને આશીર્વાદ આપ્યા હતા. શ્રીમદ્ ભાગવત કથા શા. યજ્ઞપ્રકાશદાસે આખો માસ કરી હતી. હરિભક્તો હિંડોળા દર્શન અને કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. શ્રાવણ માસમાં મહારુદ્ર યજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી સિધ્ધેશ્વર મહાદેવનો અભિષેક અને આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ શિવ મહિમા અને આપણા સંપ્રદાયની પરંપરા વિષે સુંદર આશીર્વાદ સહ મહિમા કહ્યો હતો. મહંત સ્વામી તથા આનંદ સ્વામીની પ્રેરણાથી શા. યજ્ઞપ્રકાશદાસે સભા સંચાલન કર્યું હતું.

(નરોતમભગત)

શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

(તા. ૫-૨-૨૦૦૯ થી તા. ૧૧-૨-૨૦૦૯)

શ્રી નરનારાયણદેવ તાબાના નિર્માણ થઈ રહેલા શિખરબંધ શ્રી સ્વામિનારાયણ મંદિર, જે ભૂમિપર સ્વયં શ્રીજી મહારાજે કુશળીબાઈના ઘરે પધારી તેમના મનોરથ પૂર્ણ કર્યા હતા. અને જ્યાં ખીચડીના દાતણ કરાવીને અદ્ભુત લીલા કરી હતી.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પૂજ્ય પી. પી. સ્વામી અને સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર) ની પ્રેરણાથી અહીંયા ભવ્ય ત્રણ શિખરનું મહામંદિર પૂર્ણ થવા આવતા તા. ૫-૨-૨૦૦૯ થી તા. ૧૧-૨-૨૦૦૯ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાશે.

દર રવિવારના મંદિરમાં સત્સંગ સભા થાય છે. જેમાં શ્રીજી મહારાજની લીલા અને ધર્મકુળ માહાત્મ્ય દ્રષ્ટાંત સહિત આપણા વિદ્વાન સંતો પૂ. પી.પી. સ્વામી, પૂ. આત્મપ્રકાશ સ્વામી, શા. હરિઓઁ સ્વામી, પૂ. ઉત્તમસ્વામી આદિ સંતો અવારનવાર હરિભક્તોને દિવ્ય લાભ આપે છે. જેમાં હજારો ભાવિકો લાભ લેવા આવે છે. અવાર-નવાર ઉત્સવોનું પણ આયોજન થાય છે.

હાલ તો મંદિરનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલે છે. ઉત્તર ગુજરાતના ગામોના હરિભક્તો સેવા કરવા માટે મોટી સંખ્યામાં આવે છે.

(મહંત સ્વામી નારાયણપ્રસાદદાસ)

જેતલપુર મંદિરમાં શ્રાવણ માસમાં કથા

પવિત્ર શ્રાવણ માસમાં જેતલપુર ધામમાં શ્રીહરિની આજ્ઞા મુજબ શ્રીમદ્ ભાગવત દશમઅને પંચમસ્કંધની કથા શાસ્ત્રી ભક્તિનંદનદાસજીના વક્તા પદે થઈ હતી. જેનો લાભ જેતલપુર અને આજુબાજુના ગામોના હરિભક્તો લેવા પધારતા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે દર રવિવારે સત્સંગ સભા થાય છે. જેમાં શા. ભક્તિનંદનદાસ કથા વાર્તાનો લાભ આપે છે. પૂ. પી.પી. સ્વામી અને મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી આવી સત્સંગની પ્રવૃત્તિને વેગ મળે તેથી ખૂબજ પ્રોત્સાહન આપે

છે. હરિભક્તો પણ દર રવિવારે મોટી સંખ્યામાં આવો લાભ લઈ ધન્ય ધન્ય થાય છે.

જેતલપુર ધામમાં શ્રી રેવતી બળદેવજી મહારાજના સાનિધ્યમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. નવમીના રોજ નંદ મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો. હરિભક્તોએ દર્શન કરી જીવન સુફળ કર્યું.

(મહંત કે. પી. સ્વામી)

ટ્રેન્ટ ગામે જન્માષ્ટમીની ઉજવણી

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે ટ્રેન્ટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રાવણ વદ-૮ શ્રીકૃષ્ણ જન્મોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જેતલપુરથી પૂ.પી.પી. સ્વામી અને શા. ભક્તિવલ્લભદાસજી (અમેરિકાવાળા) ખાસ પધાર્યા હતા. અને સભામાં હરિભક્તોએ નંદ સંતોના કીર્તનો અને રાસ રમીને રમઝટ બોલાવી હતી. પૂ. પી.પી. સ્વામી અને શા. ભક્તિ સ્વામીએ પોતાની અમૃતવાણીમાં ભગવાનનું માહાત્મ્ય અને ધર્મકુળ માહાત્મયની સુંદર વાતો કરીને અલૌકિક લાભ આપેલ. રાત્રે ૧૨-૦૦ કલાકે પૂ.પી.પી. સ્વામીએ જન્મોત્સવની આરતી ઉતારીને મહા અલૌકિક લાભ આપ્યો હતો. હરિભક્તો દર્શન કરી ખૂબજ રાજી થયા હતા.

(મહંત કે. પી. સ્વામી)

ઉવારસદ શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ પટેલ અને તેમના પુત્રો શ્રી શૈલેષભાઈ તથા શ્રી બિપીનભાઈના ત્યાં તા. ૧૯-૮-૦૮ ના રોજ સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં અમદાવાદ, કાલુપુર, નારાયણઘાટ, જમીયતપુરા, કલોલ, આદરજ, ઉનાવા વગેરે ધામોથી સંતોએ પધારીને કથા વાર્તાનો લાભ આપેલ. ગામના હરિભક્તોએ શ્રીજી મહારાજ અને ધર્મકુળના મહિમાની વાતો અને માહાત્મય સાંભળીને રાજી થયા હતા.

સંતોએ ઠાકોરજીને થાળ-આરતી કરી ઠાકોરજી જમાડી આશીર્વાદ આપીને વિદાય થયા હતા.

(કોઠારીશ્રી, ઉવારસદ)

બાલાસિનોર મંદિરમાં ચાતુર્માસમાં કથા-પારાયણ

અત્રે બાલાસિનોર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પવિત્ર શ્રાવણ માસમાં તા. ૨-૮-૦૮ થી ૮-૮-૦૮ પર્યન્ત શા. વિશ્વસ્વરૂપદાસ (કાલુપુર સ્વા. મંદિર)ના વક્તા પદે જનમંગલ સપ્તાહ પારાયણ બાલાસિનોર સત્સંગ સમાજ તરફથી સંપન્ન થઈ.

પૂર્ણાહુતિ પ્રસંગે વક્તા સંત અને સહપાઠી સંતો સ્વામી ધર્મકિશોરદાસનું કોઠારીશ્રીએ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. દરેક યજમાનોને સંતોને હસ્તે ઠાકોરજીની તસવીર ભેટ રૂપે અપાઈ હતી. આભાર વિધિ શ્રી મધુકરભાઈ ત્રિવેદીએ કરી હતી.

(રમેશ ભગત અને ઘનશ્યામભાઈ)

નાંદોલ મંદિર

નાંદોલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજી સમક્ષ હરિભક્તોના સેવા સહકારથી અને કોઠારીશ્રીની પ્રેરણાથી પવિત્ર શ્રાવણ માસમાં વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ઠાકોરજીને ઝુલાવવામાં આવ્યા હતા. આવા સુંદર હિંડોળા હરિ મંદિરોની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. બપોરે ૨-૩૦ થી શ્રીમદ્ સત્સંગિભૂષણ કથા કરવામાં આવતી હતી. હરિભક્તો દર્શન કરી કથા વાર્તાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

(કોઠારી વિષ્ણુભાઈ)

નરોડા આદિશ્વરનગર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રાવણ માસમાં તા. ૨૦-૭-૦૮ થી તા. ૧૮-૮-૦૮ સુધી દેદિપ્યમાન હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવ્યા હતા. સાંજે ભાગવત કથાનું પાન પૂજારી શ્રી રસિકભાઈ ખરસાણી કરાવતા હતા. જન્માષ્ટમીના શ્રીકૃષ્ણ જન્મોત્સવ શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ધામધૂમથી ઉજવ્યો હતો. ધો. ૧૦ અને ૧૨ માં સારા ગુણે પાસ થનારને શ્રી હિતેશભાઈ શાહ તરફથી ઈનામ આપવામાં આવેલ.

(ભગવાનભાઈ પટેલ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

સુરેન્દ્રનગર મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામીની પ્રેરણાથી અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના અવનવા હિંડોળા તેમજ ચલણી નોટોના છેલ્લા સાત દિવસ કલાત્મક હિંડોળા શ્રી નરનારાયણદેવ યુવક મંડળે બનાવીને સુરેન્દ્રનગરના હરિભક્તોને દર્શન કરાવ્યા હતા. સમગ્ર આયોજન શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કર્યું હતું. *(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

લીંબડી તપોવન મંદિર

અત્રે મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ચાતુર્માસમાં એક માસ સુધી કથા પારાયણ અને હિંડોળા સુંદર રીતે કરવામાં આવેલ. મહંત સ્વામીએ કથામૃત પાન કરાવેલ. *(વંદનપ્રકાશદાસ)*

શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા

અત્રે ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શાસ્ત્રી હરિપ્રકાશદાસજીની પ્રેરણાથી સંત-પાર્ષદ મંડળ અને ચરાડવા ગામના હરિભક્તો અને યુવક મંડળે શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ ચલણી નોટો, સૂકા મેવા, ચોકલેટ આદિના અવનવા હિંડોળા બનાવીને ભગવાનને ઝુલાવ્યા હતા. હિમાલય દર્શન પણ અદ્‌ભુત હતા. તા. ૬-૮-૦૮ થી તા. ૧૨-૮-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની કથા સ.ગુ. પુરાણી સ્વામી જગતવિહારીદાસજીના વક્તા પદે થઈ હતી. ચરાડવાના ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોએ કથાનો દિવ્ય લાભ લઈ અને હિંડોળાના અલૌકિક દર્શન કરી ધન્ય ભાગી બન્યા હતા. *(કોઠારી સ્વામી)*

વિદેશ સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર ચેરિહીલ (અમેરિકા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૪-૭-૦૮ અષાઢ સુદ-૧૧ ના પવિત્રા દિને શા. વિશ્વપ્રકાશદાસજીની પ્રેરણાથી ૧૨ કલાકની અખંડ મહામંત્ર ધૂન્ય યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનોએ ધૂન્યનો લાભ લેવા પધાર્યા હતા. ધૂન્યની પૂર્ણાહુતિ બાદ ઠાકોરજીની આરતી અને સંતોએ શ્રીહરિની કથા-વાર્તામાં એકાદશી અને ચાતુર્માસનું મહિમા માહાત્મય સમજાવ્યું હતું. આ પ્રસંગે નાના સંત અભિષેકપ્રસાદદાસે સુંદર વ્યવસ્થા કરી હતી.

જ્યારે આવ્યું ધર્મનું કુળ રે,
ત્યારે જામીયું સત્સંગનું મૂળ રે.

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ચેરિહીલ (સાઉથજર્સી I.S.S.O.) ખાતે ગુરુ પૂર્ણિમા મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી અત્રે મંદિરમાં વિરાજમાન શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ જ્યારથી અહીં પ્રસ્થાપિત થયા છે ત્યારથી સત્સંગ પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો જાય છે.

અહીં ગુરુ પૂર્ણિમા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. સુંદર દેદિપ્યમાન સભામાં આપણા સૌના ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન આરતી ભક્તિ ભાવ અને શ્રધ્ધાપૂર્વક કરવામાં આવ્યુ હતું. શા. વિશ્વપ્રકાશદાસજી (વડનગર મહંત) એ ધર્મવંશીનો મહિમા માહાત્મ્ય શાસ્ત્રના પ્રમાણ સાથે વર્ણવીને સૌને તેમની આજ્ઞામાં ખટકો રાખીને વર્તવા ભારપૂર્વક જણાવ્યું. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી અને પ્રસાદ સાથે કાર્યક્રમપૂર્ણ થયો. *(કાર્તિકભાઈ પટેલ)*

લેકલેન્ડ ફ્લોરિડા શ્રી સ્વામિનારાયણ મંદિર

અહીં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો ત્રીજો વાર્ષિક પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો.

તા. ૨૫ થી ૨૭ જુલાઈ ૦૮ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની ત્રિદિનાત્મક પારાયણ શા. સ્વા. છપૈયાપ્રસાદદાસજીના વક્તાપદે થઈ હતી. જેના

યજમાન પ.ભ. વિજયભાઈ વિઠ્ઠલભાઈ દલસુખભાઈ પટેલ (કરજીસણવાળા) પરિવાર રહ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદવિધિસર થયો હતો. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી થઈ હતી. ગુરુ પૂર્ણિમા પ્રસંગે આપણા સૌના ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન-આરતી અત્રે ઉપસ્થિત ૫૦૦ જેટલા હરિભક્તો અને સ્થાનિક સંતોએ કર્યું હતું. ત્યારબાદ સંતો અને હરિભક્તોએ ગુરુ મહિમા અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય સભામાં સુંદર રીતે વર્ણવ્યું હતું. શા. સ્વામી અભિષેકપ્રસાદદાસજી અને પૂજારી સ્વામી વિવેકપ્રસાદદાસે સુંદર વ્યવસ્થા કરી હતી. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ સંત હરિભક્તોને આશીર્વાદ આપીને ખૂબજ પ્રસન્ન થયા હતા.

(નલિનભાઈ કે. પટેલ)

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર (અમેરિકા)

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં ગુરુ પૂર્ણિમા મહોત્સવનું ભવ્ય આયોજન સંપન્ન થયું.

પ્રાસંગિક સભામાં આપણા ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન-અર્ચન આરતી સૌ પ્રથમ મહંત સ્વામી અને હરિભક્તોએ કરી હતી. મહંત સ્વામી જ્ઞાનજીવનદાસે ગુરુ પૂર્ણિમાનું માહાત્મય અને તેનું મહત્વ અનેક દ્રષ્ટાંતો સાથે સમજાવ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આપણા સૌના ધર્મગુરુ છે માટે આજે શ્રી નરનારાયણદેવના દરેક આશ્રિતોએ તેમનું જ પૂજન કરવું જોઈએ. અને આજે તેમના પ્રત્યક્ષ અથવા અંતરથી આશીર્વાદ મેળવવા જોઈએ. તેમજ બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળા છે. તેથી સમસ્ત બહેનોએ તેમનું પૂજન-અર્ચન ભેટ કરવું જોઈએ. આ તો આપણા ઈષ્ટદેવે સ્વયં પોતાના સ્થાને આપણા ગુરુ તરીકે પ્રસ્થાપિત કર્યા છે. દરેક હરિભક્તો ભાઈઓએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસે ગુરુ મંત્ર લેવો એ આપણી ફરજ છે. તેજ રીતે બહેનોએ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રી પાસે ગુરુ મંત્ર અવશ્ય લેવો. આમ સ્વામીએ સુંદર મહિમા સહિત ધર્મકુળ માહાત્મય સમજાવ્યું હતું. છેલ્લે જનમંગલ પાઠ - ધૂન્ય - આરતી થયા હતા. આજે ઘણા શ્રધ્ધાવાન ભાવિકો શ્રી ઉપેનભાઈ શાહના નિવાસેથી ચાલતા ચાલતા સવારના ૮-૦ વાગ્યાની આરતીમાં દર્શન માં જોડાયા હતા. હવેથી દર પૂનમે પદયાત્રાનું આયોજન કરવામાં આવશે. (૫ કિલો મીટરની પદયાત્રા થાય છે.) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી અત્રે સત્સંગની પ્રવૃતિ ખૂબજ સારી ચાલે છે.

(પ્રવિણભાઈ શાહ)

વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

૨૦ જુલાઈ રવિવારના સાંજે ૩-૧૫ થી રાત્રીના ૮-૧૫ સુધી ૫ કલાક સર્વના પાર્ક કમ્યુનીટી સેન્ટર હોલમાં સત્સંગ સભા યોજવામાં આવી હતી. પ્રારંભમાં શ્રી સ્વામિનારાયણ ધૂન પછી 'આજે મારે ઓરડે પદ' થી સભાનો પ્રારંભ થયો હતો. નંદસંતોના કીર્તનની રમઝટ ચાલી હતી. ત્યારબાદ ૧ કલાક સધી ગુરુ પૂર્ણિમા નિમિત્તે આપણા ધર્મગુરુ આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્યનું પ્રવચન સેલફોન અને માઈકના ઉપયોગથી કોલોનીયાના આપણા સંત જ્ઞાનપ્રકાશદાસનું પ્રવચન સંભળાવવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામાં આપણા સૌના ગુરુ ધર્મવંશી શ્રીહરિનું સાક્ષાત્ અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન - આરતી સમૂહમાં કરવામાં આવી હતી.

સભામાં ૨૭૩ વચનામૃત પાઠ, થાળ-આરતી થયા હતા.

હવેથી સપ્ટેમ્બર માસથી એક સભા વર્જીનીયા ચેપ્ટર હોલમાં થશે. એટલે એક સભા મેરીલેન્ડ અને એક સભા વર્જીનીયામાં થશે. સભાના અંતે I.S.S.O. ના દરેક સમાચાર આપવામાં આવે છે. સાથે સાથે શ્રી નરનારાયણદેવ યુવક મંડળની અલગ સભા રાખવામાં આવે છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની ખૂબજ કૃપાથી અહીંયાનો સત્સંગ ફુલ્યો ફાલ્યો છે.

(કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦	શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦	શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦	શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦	શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦	શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦	શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦	શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦	શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૨૫૧-૦૦	શ્રી વિજ્યાબેન જયંતીલાલ ચૌહાણ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૨૦૧-૦૦	શ્રી જેઠાભાઈ લાલદાસ પટેલ છોકરાઓ પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦	શ્રી અંકિતાબેન રમાકાન્ત મીસ્ત્રી પી.ટી.સી.માં ૮૪% આવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રીટાબેન જયંતીભાઈ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી દશરથભાઈ જી. પારેખ ચિ. વ્રજની બાબરી નિમિત્તે	ગામડી
૧૦૦-૦૦	શ્રી મંજુલાબેન વિઠ્ઠલભાઈ વેકરીયા ધુનના જન્મદિન નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦	શ્રી ભૂપેન્દ્રભાઈ પાઠક પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી શૈલેષ બાબુભાઈ પટેલ એન્જી. કોલેજ ઈ.સી.માં એડમીશન નિમિત્તે	રતનપર
૧૦૧-૦૦	શ્રી ભગવતીબેન રમેશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	શિકાગો
૧૦૧-૦૦	શ્રી દિનાંત જગદીશભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	નરોડા
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ માણેકલાલ ભાવસાર પૌત્રના જન્મપ્રસંગે	અમદાવાદ
૨૦૧-૦૦	અ.નિ. જેઠીબેન કરશનભાઈના સ્મરણાર્થે હ. પ.ભ. ઠાકરસીભાઈ (લંડન)	જામસર
૩૯૯-૦૦	શ્રી રામપ્રકાશ સકસેના ધર્મકુળની કૃપા-શ્રીજી પ્રસન્નાર્થે	ફૈજાબાદ
૧૦૧-૦૦	શ્રી અશોકકુમાર ઉમેદરામપટેલ ચિ. કૃણાલને એન્જી.માં એડમીશન મળ્યું તે નિમિત્તે	ઈટાદરા
૧૦૦-૦૦	શ્રી જયેશ શાંતિલાલ ટાંક ચિ. પ્રગતિના પ્રથમજન્મદિન નિમિત્તે	જીરાગઢ
૧૦૧-૦૦	શ્રી જીજ્ઞેશ ઈશ્વરભાઈ પટેલ એલ.આઈ.સી.ના ૫ વર્ષ નિમિત્તે	નાંદોલ
૫૦૦-૦૦	શ્રી જગજીવન ઝવેરભાઈ વેગડા પુત્રીને ત્યાં ભાણના જન્મપ્રસંગે	લીલાપુર
૨૦૦-૦૦	શ્રી મહેશભાઈ રમણલાલ પટેલ પુત્ર જન્મપ્રસંગે	મોખાસણવાળા - અમેરિકા
૧૦૦-૦૦	શ્રી રિતેષ મહેન્દ્રભાઈ ઠક્કર સગાઈ પ્રસંગે	આદિપુર (કચ્છ)
૧૦૧-૦૦	કુ. મૈત્રીબેન વિજયકુમાર બારૈયા નવું એકટીવા લીધું તે નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦	શ્રી વિકાશકુમાર ભાસ્કરકુમાર નવું એકટીવા લીધું તે નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦	શ્રી કલ્પેશભાઈ પટેલ જન્મદિન પ્રસંગે	બોટાદ
૨૫૧-૦૦	શ્રી શકુન્તલાબેન પ્રહલાદભાઈ પટેલ ચિ. કૃણાલ ઓસ્ટ્રેલીયામાં પરીક્ષામાં પાસ થયો તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	અ.નિ. તતસત્ વિજયકુમાર પાઠકના સ્મરણાર્થે	વડોદરા
૧૦૧-૦૦	શ્રી ભરતકુમાર જયંતીલાલ મારવી પ.પૂ. લાલજી મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે	કાંદીવલી
૧૫૧-૦૦	શ્રી ગીતાબેન જીતેશકુમાર પરમાર ચિ. મોહિતની સાકરતુલા નિમિત્તે	સુરત
૧૦૦-૦૦	શ્રી નાનચંદભાઈ ઉમેદરામપંચાલ શ્રીજી પ્રસન્નાર્થે	
૧૦૧-૦૦	શ્રી ચિમનલાલ એમ. કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી હાર્દિકકુમાર જયંતીભાઈ ઠક્કર એમ.બી.એ.માં એડમીશન નિમિત્તે	કલોલી

૧૦૧-૦૦	શ્રી સુજલકુમાર જયંતીભાઈ ઠક્કર માસ કૉ.માં જોબ મળી તે નિમિત્તે	કલોલી
૧૦૦-૦૦	શ્રી લાલજીભાઈ પોપટભાઈ પટેલ ચિ. જયમીનને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૨૦૧-૦૦	શ્રી વિદ્યાબેન પી. પટેલના સ્મરણાર્થે	કુંડાલ
૧૦૧-૦૦	અ.નિ. કાંતાબેન અમૃતલાલ ભટ્ટ (તા. ૨૪-૭-૦૮)ના સ્મરણાર્થે	(જીરાગઢ-રાજકોટ)
૧૦૫-૦૦	શ્રી વૈશાલી એચ. ભાવસાર જન્મદિન નિમિત્તે	
૧૦૦-૦૦	શ્રી ગોવિંદભાઈ હરિભાઈ પટેલ ટ્રેક્ટરનું નવું પ્રેસર લાવ્યા તે નિમિત્તે	સાચોદર
૧૦૦-૦૦	શ્રી દિપકકુમાર દ્વારદાકાસ પટેલ પુત્ર જન્મપ્રસંગે	સાચોદર
૧૫૧-૦૦	શ્રી દિનેશકુમાર હરિભાઈ પટેલ પુત્રીને ત્યાં ભાણાના જન્મપ્રસંગે	લાલોડા
૧૦૧-૦૦	શ્રી હંસાબેન ભરતભાઈ ચિ. પુત્ર મિતેષના લગ્ન પ્રસંગે	રતનપર
૧૦૧-૦૦	શ્રી કેતનભાઈ રમણભાઈ પ્રથમપુણ્ય તિથિ નિમિત્તે	વેજલપુર
૧૧૧-૦૦	શ્રી રૂપાબેન દિલીપકુમાર ભાવસાર હિંડોળા નિમિત્તે	નવાવાડજ
૧૦૦-૦૦	શ્રી અમૃતલાલ મગનલાલ મોદી પવિત્રા એકાદશી નિમિત્તે	સેટેલાઈટ
૧૦૫-૦૦	શ્રી હરજીવનદાસ દેવજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ગોઠીબ
૨૫૧-૦૦	શ્રી જયમીન જયંતીભાઈ પટેલ ૧૬ મી વર્ષગાંઠ નિમિત્તે	અમદાવાદ
૩૦૧-૦૦	શ્રી હર્ષદભાઈ પરસોત્તમભાઈ પટેલ ચિ. રિક્ષિતને ધો-૧૦માં ૮૦% અને ચિ. ધારાને એડમીશન નિમિત્તે	માણસા
૩૦૧-૦૦	શ્રી કમલેશકુમાર પરસોતમભાઈ ચિ. સ્મિત ધો.-૧૦માં (અંગ્રેજી માધ્યમ) ૯૦% એ ઉર્તિણ થયા તે નિમિત્તે	માણસા
૧૦૧-૦૦	શ્રી જીજ્ઞેશ રમેશભાઈ પંચાલ પુત્ર જન્મપ્રસંગે	અણેદજ
૧૦૧-૦૦	શ્રી દયાળજીભાઈ નરસીભાઈ પરમારના ચિ. નરેશને એન્જી.માં એડમીશન નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	શ્રી નરસીભાઈ ધનજીભાઈ પરમારના પૌત્ર ચિ. ચંદ્રેશને **M.Tech** માં એડમીશન નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	શ્રી નિલેશભાઈ દયાળજીભાઈ પરમાર પુત્રીના શુભ જન્મપ્રસંગે	સુરત
૧૦૧-૦૦	શ્રી અશોકભાઈ કુંવરજીભાઈ વેગડ ચિ. રજનીકાન્તની સગાઈ નિમિત્તે	સુરત
૧૦૧-૦૦	શ્રી ધર્મેશ નાથાલાલ વરૂ ચિ. પ્રિયાશુના જન્મદિન નિમિત્તે	સુરત
૧૦૫-૦૦	શ્રી ધનંજય કિરણકુમાર કાછીયા જન્મદિન નિમિત્તે	કોઠંબા
૫૦૦-૦૦	શ્રી ચિરાગભાઈ રમેશભાઈ પટેલ અમેરિકામાં નવું ડંડીડોનેટ ખરીદ્યું તે નિમિત્તે	આણંદપુરાવાળા
૧૦૧-૦૦	શ્રી ભાવિકકુમાર અનીલભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી ખેંગારભાઈ કરશનભાઈ જાદવ નવી 'જેન' ગાડી લાવ્યા તે નિમિત્તે	માલણપુર
૧૦૧-૦૦	શ્રી નિમેષ બિપીન ટાંક પૂનમનિમિત્તે	મુંબઈ
૧૦૧-૦૦	શ્રી અંકિત બિપીન ટાંક રક્ષાબંધન નિમિત્તે	મુંબઈ
૧૧૦-૦૦	શ્રી નીરૂબેન પ્રવિણભાઈ ભાવસાર મકાનનો દસ્તાવેજ થયો તે નિમિત્તે	મારૂસણા
૧૦૧-૦૦	શ્રી દેવાંગીબેન શૈલેષભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	મારૂસણા
૧૦૧-૦૦	શ્રી કનુભાઈ જયંતીલાલ મોદી શ્રીજી પ્રસન્નાર્થે	મહેસાણા
૧૦૦-૦૦	શ્રી ધનેષભાઈ પટેલ ચિ. હેતલ ધો-૧૨ માં પાસ થઈ તે નિમિત્તે	પ્રાંતીયા
૧૦૧-૦૦	શ્રી અરવિંદભાઈ પી. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૦-૦૦	શ્રી ભૂપેન્દ્ર દામોદરદાસ પ્રથમપગાર નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી વિવેક ભરતકુમાર શુકલ જન્મદિન નિમિત્તે	પ્રાંતીજ
૧૦૦-૦૦	શ્રી ઈજુબેન સોમાભાઈ ચૌધરી રસોઈ નિમિત્તે	વેડા-આનંદપુરા
૧૦૦-૦૦	શ્રી ધર્મેશ ઘનશ્યામભાઈ પટેલ નવું હાઉસ લીધું તે નિમિત્તે	શિકાગો
૧૫૧-૦૦	શ્રી રાજેશ વાલજીભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	વાસણા

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

તિથિ	રસોઇ આપનારનું નામ	ગામ
અષાઢ સુદ-૧	પ.ભ. રામદાસ પુંજલદાસ પટેલ	
અષાઢ સુદ-૨	શ્રી ઘનશ્યામ ટીમ્બર્સ	
અષાઢ સુદ-૩	પ.ભ. અશોકભાઈ ગંજીભાઈ પટેલ	લાલોડા
અષાઢ સુદ-૪	પ.ભ. હિરાલાલ લક્ષ્મીચંદ શેઠ	મોડાસા
	પ.ભ. પ્રફુલભાઈ પરષોત્તમભાઈ પટેલ	
	પ.ભ. જીતુભાઈ સોની	
અષાઢ સુદ-૫	પ.ભ. શ્રેયસકુમાર કાંતિલાલ મહેતા	
અષાઢ સુદ-૭	અ.નિ.પ.ભ. ખીમચંદભાઈ ભૂદરભાઈ સોની	
	પ.ભ. લીલાબહેન બી. પટેલ	
અષાઢ સુદ-૮	પ.ભ. દોલતસિંહ ગોબરસિંહ વાઘેલા	પેથાપુર (ચરેડી)
અષાઢ સુદ-૯	અ.નિ. રામસ્વામી (હ. શા. ચંદ્રપ્રકાશદાસજી)	વાલીવાળા
અષાઢ સુદ-૧૦	પ.ભ. વાઘજીભાઈ હરજીભાઈ હિરાણી	ફોટડી (લંડન)
અષાઢ સુદ-૧૧	અ.નિ. સુરૂભા હાલુભા રાણા (હ. ઝાલા મહિપાલસિંહ સુરૂભા)	
	પ.ભ. મનીષભાઈ રમેશભાઈ પટેલ	
	અ.નિ.પ.ભ. ભીમજીભાઈ કરસન વેકરીયા	
અષાઢ સુદ-૧૨	પાર્ષદ શીવજી ભગત (સ્વામિનારાયણ મંદિર)	અમદાવાદ
અષાઢ વદ-૨	પ.ભ. ઘનશ્યામભાઈ શંકરલાલ બેચરદાસ (મોખાસણવાળા)	અમદાવાદ
	પ.ભ. કવિન્દ્રાબહેન / સુમનબહેન	
અષાઢ વદ-૩	પ.ભ. નવટવરભાઈ ચુનીલાલ પટેલ	ડાંગરવા
અષાઢ વદ-૪	પ.ભ. વિણાબહેન દેસાઈ	
અષાઢ વદ-૫	અ.નિ. માણેકલાલ વિઠ્ઠલદાસ ભાવસાર	
અષાઢ વદ-૯	પ.ભ. લલિતકુમાર જગજીવનદાસ ઠક્કર	અમદાવાદ
	પ.ભ. વાસુદેવભાઈ ગજ્જર	અમદાવાદ
અષાઢ વદ-૧૦	અ.નિ.પ.ભ. કલ્યાણભાઈ મનજી કેરાઈ	
અષાઢ વદ-૧૪	પ.ભ. સોનમ ગીતાંક શાહ (હ. બ્ર. રાજુ સ્વામી)	અમદાવાદ

અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમરાઈવાડી-અમદાવાદ : પ.ભ. પુષ્પાબેન ડાહ્યાલાલ મોદી (વિસનગરવાળા) તા. ૧૮-૮-૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

કનીપુર : પ.ભ. નટુભાઈ ત્રિકમભાઈના પૌત્ર શ્રી મૌલિક મહેન્દ્રભાઈ પટેલ તા. ૭-૮-૦૮ ના રોજી શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નરોડા (મૂળ માલુપર) : આપણા અનન્ય નિષ્ઠાવાન પ.ભ. ગજેન્દ્રસિંહ મૂળસિંહ રાઠોડ (પોલીસ દરબાર)ના ધર્મપત્ની અ.સૌ. તારાબેન તા. ૨૩-૮-૦૮ના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.













૧. શિકાગો મંદિરમાં દશાબ્દી મહોત્સવ પ્રસંગે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક શ્રીહરિના ૬ઠ્ઠા, ૭ માં અને ૮ માં વંશજના વરદ્ હસ્તે.
૨. કેનેડા ટોરન્ટો શહેરમાં આઈ.એસ.એસ.ઓ. સંસ્થાપિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા બાદ અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી.
૩. શિકાગોના રાજમાર્ગો પર શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે સંત સમુદાય.
૪. કેનેડા ટોરન્ટો મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં કથામૃતપાન કરાવતા વક્તા સંત પૂજ્ય પી.પી. સ્વામી.
૫. મિડવેસ્ટ શિકાગો શિખર બધ્ધ મહામંદિરની તસ્વીર
૬. કેનેડા મંદિરમાં આયોજીત મહાપૂજામાં લાભ લેતા હરિભક્તો.

Ahd PSO on 11 the every month under postal Regd. No. GAMC 003 issued SSP Ahd Valid up to 31-12-08 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2008





૨





૪





૬

જયપુર મંદિરમાં પાટોત્સવ પ્રસંગે શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરતા પ.પૂ. મહારાજશ્રી.

જયપુર મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર.

શ્રી કૃષ્ણ જન્માષ્ટમી પ્રસંગે અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ સમક્ષ ઠાકોરજીને પારણામાં ઝુલાવતા પ.પૂ. મોટા મહારાજશ્રી.

અમદાવાદ મંદિરમાં બાળ સભામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

૬.પ્રયાગરાજ શ્રી સ્વામિનારાયણ મંદિર, ધર્મશાળાના ભવ્ય બિલ્ડીંગની તસવીર.